પ્રસ્તાવના.

મારાં છૂટક છૂટક કાવ્યો, જે જુદે જુદે વખતે જુદાં જુદાં ચોપાનીઆંમાં છપાએલાં, તેનો આ નાનો જેવો સંગ્રહ છે. આમાં કેટલાંક પુરાણ કથાઓનાં સ્વતંત્ર કાવ્યો, કેટલાંક સંસ્કૃત સાહિત્યમાંના શ્લોકોનાં અનુકરણો, કેટલાંક ભાષાન્તરો અને કેટલાંક ગીતો છે. કેટલાંક પરચૂરણ કાવ્યો જુનાં ચોપાનીઆં નહિ મળવાથી રહી ગયાં છે અને 'કુંવર ચાલો ઘેર મામી મનાવે.' એવાં કેટલાંક ગીત જે અમદાવાદ અને મુંબાઈ વચ્ચે બધે ઠેકાણે મંગળ અવસરે સ્ત્રીઓથી ગવાય છે તે પણ આમાં આવી શક્યાં નથી, કારણ કે તેની અસલ પ્રતો મારી પાસેથી ખોવાઇ ગઇ છે. આમાંનાં ઘણાં કાવ્યોએ વાંચનારનાં હૃદયને રંજન કરેલાં અજાણ્યા થઇને જોયાં છે અને મેં પોતે પણ વારંવાર ગાઈ વિચારીને આની કસોટી કરેલી છે. આ પ્રસંગે એક વસ્તુ ખાસ કહેવી જોઇએ તે એ છે કે, સામાન્ય વાચનની માફક કાવ્યો વંચાવાથી તેનો રસાસ્વાદ અનુભવાતો નથી. જેમ વધારે અને વધારે ઘસાવાથી ચંદનની સુગંધ વધારે અને વધારે ફોરે છે તેમ કાવ્યો પણ ખુશી ખુશાલીને વખતે ગમત ભેર ગાનના તાન ઉપર ચઢાવતાં ચઢાવતાંજ રસોત્પત્તિ થાય છે. હાલ અતિ વ્યવસાયનો વખત હોવાથી કાવ્યો રાગોટવાનો શ્રમ કોઇ લેતું નથી અને માત્ર સામાન્ય વાચને સૂકા હૃદયે લોકો તેને વાંચે છે એટલે તેમાંથી રસ ઝરતો નથી અને ઘણાં કાવ્યોને એ પ્રમાણે અન્યાય થાય છે. કાવ્યને રાગની—ખાસ કરીને લોકને પરિ-

ચિત હોય એવા રાગની જરૂર છે અને જેનો રાગ લોકને બેસતે નથી તે કાવ્યો કદી પણ લોકથી વંચાતાં નથી. રાગવગરન અને નહિ બેસતા રાગનાં કાવ્યો લોકને નકામા જેવ થઇ ખુણે પડી રહે છે. પ્રસંગવશાત વળી એ પણ અ જણાવવા જેવુંજ છે કે, આખી દુનીઆં કાં જંગલી કે ક કેળવાએલી ‘ કાવ્ય ’ એટલે ગવાય એવી કોઇ વાણીની બનાવ એમ સમજે છે, છતાં કાવ્યના લક્ષણમાં આણી તરફના તથ યુરોપ તરફના કેટલાક આલંકારિકોએ રાગને સ્થાનજ આપ નથી, અને એમ કરી તેઓ ઉંચી જાતના ગદ્યને પણ કાવ્યમ ગણે છે. એ મોટા વિદ્વાન આલંકારિકો તરફ મને મોટું મ હોવા છતાં, હું તેમના કાવ્ય લક્ષણથી જુદો પડું છું. જેને કે જાતનો રાગ નથી તે કાવ્ય નથી. વાણીના બે મુખ્ય ભ માણસો પરંપરાથી માનતાં આવ્યાં છે. એક બોલવાની વાણી ર બીજી ગાવાની વાણી. બોલવાની વાણી ગમે તેવા અલૌ અને અપાર રસથી ભરેલી હોય તેમ છતાં તે કાવ્ય નથ નથીજ. તેને કાવ્ય નહિ કહેવાથી તેની મહત્તામાં કંઈ ઘટ થતો હોય એમ પણ હું માનતો નથી. કાદંબરી બહુજ ઉ પ્રકારનું શબ્દે શબ્દ રસથી ભરેલું સર્વોત્તમ પણ ગદ્ય છે કા નથી. તેમ આલંકારિકોમાંના કેટલાક સિવાય બીજું જગત તેન કાવ્ય કહેતું પણ નથી.

આણી તરફના અને યુરોપના મોટા મોટા સમર્થ વિદ્વા નોએ કાવ્યનાં લક્ષણ બાંધ્યાં છે અને તેમનાજ જેવા સમર્થ વિદ્વાનોએ તેમના લક્ષણના કકડે કકડા કરી પણ નાંખ્યા

કાવ્યના લક્ષણ તરફ વિચાર કરવો એ મારા જેવાને માટે તો ઉપહસનીય કહેવાય એટલે કાવ્યના લક્ષણની બારીક અને વાદવાળી બાબત રહેવા દઈ હું જે કંઈ કાવ્યનું સામાન્ય રૂપ સમજું છું એ જણાવીશ. હું તો એમ સમજું છું કે, પ્રજા પ્રજાની ભાવનાઓ તેના દેશકાળ અને સાહચર્યને લઈ જુદી જુદી હોય છે અને જે જે પ્રજા જેવી જેવી ભાવનાઓમાં જીવતી હોય તેવી તેવી ભાવનાઓમાંથી લોકને જાણીતી વસ્તુની કાવ્યને માટે પ્રથમ તો ચુંટણી થવી જોઇએ. વસ્તુ પસંદ થયા પછી તેને યોગ્ય રાગની પસંદગી થવી જોઇએ અને પછી વસ્તુ અને રાગ બેઉને શોભે એવા રમણીયાર્થને પોષક શબ્દોની પંક્તિઓ ગોઠવાવી જોઇએ. એક બીજાની શોભાને વધારનારૂં અને એક બીજાની રમણીયતામાં અલૌકિકતા ઉમેરનારૂં તેમનું સર્વનું જે એક અપૂર્વ રસ સ્વરૂપ તે કાવ્ય કે કવિતા કહેવાય. જગન્મનોહારી કાવ્યના આ સ્વરૂપને હું સૌંદર્યની સાથે સરખાવીશ, એટલે કે સૌંદર્ય તે એક કલેવર, એક મુખ, નેત્ર, વર્ણ, વાણી, વસ્ત્ર, અલંકાર, કે વિલાસ એજ નથી પરંતુ તે બધાની એક બીજાને પોષક જમાવટમાંથી ઉત્પન્ન થતું નવુંજ ન કહી કે વર્ણવી શકાય એવું અલૌકિક સ્વરૂપ તે સૌંદર્ય છે; તેમ કવિતા કે કાવ્યમાં પણ વિષય (વસ્તુ) રાગ, શબ્દ, અર્થ કે રસ એમાંની એક એક વસ્તુ તે એક કાવ્ય નથી પરંતુ તે સર્વની એક બીજાને પોષક અને ગુણનુવર્ધક મીલાવટમાંથી ઉત્પન્ન થતું રસાત્માને આનંદના ઓઘમાં નિમગ્ન કરી દેનારૂં તેમનાથી જુદુંજ એક અવર્ણ્ય અને અલૌકિક સ્વરૂપ તે કાવ્ય છે. હું કાવ્યનું

સ્વરૂપ હું આવું સમજું છું, મારાં કાવ્યો આવાં છે એવો તેમ છતાં કથિતાર્થ સમજવાનો નથી. લક્ષણોથી, વિવેચનોથી કે વાદ-વિવાદથી વસ્તુની કીંમત થતી નથી, એ તો જગત ઝવેરી છે તે જે ઝવેર હોય તેને એની મેળેજ પારખી લે છે.

કાવ્ય ઉપર જેટલા વિચારો જણાવીએ તેટલા થોડાજ છે એટલે સુજ્ઞ વાચકોને પ્રસ્તાવનામાં વધારે નહિ કંટાળો આપતાં આગળનાં પાનાંમાં જે કંઈ છે તે મારી તરફ ઉદાર મન રાખીને વાંચવાની વિનંતિ કરીનેજ અટકું છું.

અમદાવાદ
વિજયાદશમી ૧૯૬૭

લી.
મણિલાલ છબારામ ભટ્ટ.

કાવ્ય પીયૂષ.

राज्यने आशीष.

(ઠુમરી–નાથ કૈસે ગજકો બંધ છોડાયો. એ ઢાળ.)

અમર તપો ! **જ્યોર્જ**નું રાજ રૂપાળું, હરિ ! **હિંદ**ને હિત કરવાળું,
અમર તપો ! જ્યોર્જનું રાજ રૂપાળું.

વિદ્યા કળા જેમાં વધતાં ચાલે છે ને, થાય છે લોક સુખાળું;
વ્હેમ અજ્ઞાનની ઉંડી ગુફાઓમાં, પહોંચ્યું છે જ્ઞાન ઉજાળું,
અમર તપો ! જ્યોર્જનું રાજ રૂપાળું, હરિ ! હિંદને હિત કરવાળું,
અમર તપો ! જ્યોર્જનું રાજ રૂપાળું.

વિક્ટોરીઆના અમલથી અમલ થયું, **એડવર્ડ** અમલે ઉજાળ્યું;
મીઠા મ્હેરામણ **મોરલી** મહાત્માની, માયોર્મિએ ઉજમાળું,
અમર તપો ! જ્યોર્જનું રાજ રૂપાળું, હરિ ! હિંદને હિત કરવાળું,
અમર તપો ! જ્યોર્જનું રાજ રૂપાળું.

પૂર્વે કર્યું હતું જેમ ઉદ્ધારણ, શૂકર સ્વરૂપે ધરાનું;
તેમ કર્યું છે ઉદ્ધારણ જેહણે, આજે આ હિંદ પ્રજાનું,
અમર તપો ! રાજ આ જ્યોર્જ રાજાનું, હરિ ! હિંદને હિત કરવાળું,
અમર તપો ! જ્યોર્જનું રાજ રૂપાળું.

જંતર મંતર રૂપ હતું જે જે, તે તે થયું યંત્રવાળું;
દેવને દુરલભ સુલભ થયું સહૂ, જેમાં સરલ કળવાળું,
અમર તપો ! જ્યોર્જનું રાજ રૂપાળું, હરિ ! હિંદને હિત કરવાળું,
અમર તપો ! જ્યોર્જનું રાજ રૂપાળું.

પૌરાણિક પ્રસંગનાં કાવ્યો.

શર્મિષ્ઠા ને યયાતિ.*

વંશસ્થ વૃત્ત.

પ્રદોષ વીતી ન હતી થઇ નિશા,
હતી વળી આરુણ[1] વારુણી દિશા;
વિહંગ મોટાં દ્રુમમાં વિરામતાં
હતાં હજી મંજુલ ગુંજ ગુંજતાં.

---

* કથા એમ છે કે, રાક્ષસોના રાજા વૃષપર્વાને શર્મિષ્ઠા નામે કુંવરી હતી અને રાક્ષસોના ગુરુ શુક્રાચાર્યને દેવયાની નામની કન્યા હતી. એઉને સહીપણાં હતાં. એકવાર એક ઠેકાણે તે બધાં નાહવા ગયાં હતાં. નાહાઇ રહ્યા પછી ઉતાવળમાં વસ્ત્ર બદલતાં દેવયાનીથી શર્મિષ્ઠાનાં વસ્ત્ર પહેરાઈ ગયાં. આથી તે બે સખીઓ વચ્ચે મહેણામહેણ બોલાચાલી થઈ. ઘેર આવી દેવયાનીએ પિતાને કહ્યું તેથી ઋષિ બીજે ગામ રહેવા જવા નીકળ્યા. દેવો અને રાક્ષસોને લડાઈ ચાલતી હતી અને શુક્રને સંજીવિની વિદ્યા આવડતી હતી તેથી રણમાં મરાતા રાક્ષસોને તે સજીવન કરતા હતા. આથી રાક્ષસોને તેમજ વૃષપર્વાને તેમની જરૂર હતી. ગમે તેમ કરીને શુક્રને રાખવા, એવો રાજાનો વિચાર હતો. દેવયાનીએ આખરે એવી સરતે રહેવાનું કબુલ કર્યું કે 'હું જ્યાં પરણું ત્યાં સો દાસીઓ સાથે શર્મિષ્ઠાએ મારું દાસીપણું કરવું.' પિતાના અને રાક્ષસોના હિતને માટે શર્મિષ્ઠાએ તે કબુલ કર્યું. પછી દેવયાની યયાતિ રાજાને પરણી અને શર્મિષ્ઠા સો દાસીઓની સાથે એનું દાસત્વ કરવા તેની સાથે ગઈ. રાજમહેલના પ્રમદ વનમાં એકવાર ઋતુસ્નાતા તે પોતાની સ્થિતિ ઉપર વિચાર કરતી ઉભી હતી ત્યાંથી આ પ્રસંગ ઉપડે છે. ૧ આ+અરુણ=આરુણ—થોડી થોડી અરુણ પ્રભાવાળી.

ક્ષણે ક્ષણે ઉત્સુકતા બતાવતી,
હતી ચકોરી પતિ દર્શનાતુરી;
વિયોગ ઘેલી ચકવી હજી રડી
રહી ન હોતી પતિથી જુદી પડી.
પડી ન હોતી મૃદુ પદ્મ પાંદડી,
ખિલી ન હોતી હજી પૂર્ણ પોયણી;
ભુજંગ વૃત્તિ ભ્રમરો વિકાસતી,
જતા હતા કૈરવિણી ભણી હજી.

વિશાળ આકાશ વિષે ઝીણી ઝીણી,
જણાતિ'તી ચાંદરણી કહીં કહીં;
દિપાવતો દિક્પ્રમદા મુખ પ્રભા,
ઉગ્યો ન હોતો હજી ચૈત્ર ચંદ્રમા.

સુરમ્ય આવે સમી સાંજને સમે,
શુદ્ધાંતની પાછળને ઘને વને;
ઉભી હતી એકલડી વિચિંતતી,
ભવિષ્ય પોતાતણું વાર્ષપર્વણી.+

હસાવતી કર્ષકને નવાભ્રથી
વિંટાયલી હોય ન જેમ વીજળી;
ઉભી હતી તેમ લતા ગૃહે લળી,
સુજાત નીલાંબરને ધરી કરી.
કદી કદી જો ભમરી લીલાબ્જથી,
ન હોત કર્ણોત્પલથી ઉરાડતી;

+શર્મિષ્ઠા.

ભુલાત તો પ્રેક્ષકથી જતે વને,
સુવર્ણની સ્થાવર પુત્તલી મિષે.

છુટો સુંવાળો વિખરાયલો હતો,
નિતંબની ઉપર કૃષ્ણ ચોટલો;
ઉડી રહ્યો'તો સ્મરની ધ્વજા સમો,
ઉરોજથી પાલવ નીલ વસ્ત્રનો.

આવી ચઢ્યો ત્યાં સહસાજ તે સમે,
યયાતિ રાજા ફરતો વને વને;
કદંબ આડે જઈ તે ઉભો રહ્યો,
અદૃષ્ટ લોકોત્તર રૂપ નિર્ખતો.

અનુષ્ટુપ.

ઉંડો નિશ્વાસ મૂકીને, બેસતાં સ્ફટિકાસને;
શોચતી સ્થિતિ પોતાની, શર્મિષ્ઠા વદી તે સમે.

શર્મિષ્ઠા

પદ.*

સુખે છીંકતી રે, તોપણ દાસ દાસી બધાં,
દોડી આવીને રે, ખમ્મા! ખમ્મા! કરી મૂકતાં.

રાજકુંવરી રે, હું તે હુકમ કરૂં તે થતું,
તેની તેજ હું રે, આજે હુકમને અનુસરૂં.

ધિક! પ્રાણીના રે, પડદે રહેલા આ ભાગ્યને,
અવળા લેખના રે, ધિક! હજો લખનારને.

---

*સોમપ્રદોષ જે ગુજરાતમાં બધી સ્ત્રીઓ ગાય છે તેના બીજા કડવાનો ઢાળ. 'ક્યાંથી આવ્યાને રે, કોએ રે મુલક જાશો ફરી.'

શીળી છાયનાં રે, મીઠાં પાણીતણી માછલી,
નહીં જીવશે રે, ખારે સમુદરીએ પડી.

દુઃખ દોહ્યલાં રે, કરમે લખ્યાં'તાં જો યૌવને,
સુખ ભોગમાં રે, શાને ઉછેરી તો શૈશવે.

કર્મે દાસત્વ રે, સ્રષ્ટા ! તારે લખવું હતું,
રાજકુળમાં રે, ત્યારે શાને પાનું પાડીઉં.

પશુ પંખીનાં રે, જોડાં સૃજ્યાં જુગતે કરી,
વણ જોડની રે, ત્યારે તમે મને કયમ સૃજી ?

યયાતિ

વંશસ્થોપજાતિ.

સૃજી નથી સુંદરિ ! એકલી તને,
વિદગ્ધ વિશ્વાધિપ પદ્મયોનિએ;
આ દાસ આજ્ઞાધરને સૃજા પછી,
સૃજાયલાં છો સુભગે ! તમે સતી.

અનુષ્ટુપ.

મધુરે વચને આવે, સંબોધીને યયાતિએ;
ભૂમિને ખણતી લાજે, પ્રકોષ્ઠે ગ્રહી એહને.

શર્મિષ્ઠા

રાગ રામગ્રી.

ના ના મને અડશો નહિ, મૂકો મૂકો મહારાજ,
આઘા રહો રૂડા રાજવી.
બાંહ્ય મહાબાહો ! મા ગ્રહો, રાણી દેખશે કયાંક (૨)
રીસે ભરાશે રિસાળવાં, મારે શિર મૂકી વાંક,
ના ના મને અડશો નહિ, મૂકો મૂકો મારારાજ,
આઘા રહો અડશો નહિ.

એ છે જનમની ઉછાંછળી, કરી દે ઓળનું ટોળ (૨)
શુક્ર વળી શુંનું શું કરે, મારો થઇ જાય તોલ,
ના ના મને અડશો નહિ, મૂકો મૂકો મહારાજ,
આઘા રહો અડશો નહિ.

વચને બંધાયાં વિશાંપતે! આપ્યા આપણે કોલ (૨)
તે શું ક્ષણિક સુખ કારણે, કરીએ બોલ્યું અબોલ,
ના ના મને અડશો નહિ, મૂકો મૂકો મહારાજ,
આઘા રહો અડશો નહિ.

યયાતિ અનુષ્ટુપ.

તનેય ભૃગુએ સુભ્રુ! વીરમાતા થજે કહી:
શુભાશીષ દીધેલી છે, ભૂલે છે કેમ ભામિની.
ચાલ ચાલ વરારોહે! ચાલ આ રંગમ્હેલમાં;
સમુદ્રવલયા ભૂ ને, દેવયાનીની બેલમાં.

સિદ્ધાર્થનો ત્યાગ પ્રસંગ.*

વંશસ્થ વૃત્ત.

નિશીથનો ચંદ્ર ઇષત્પ્રકાશતી,
હરી પ્રભા આથમતો હતો, વળી
નિશાર્દ્ધતા સૂચક શુકલ પક્ષનો
પ્રકાશ તારા ગણનો થતો હતો.

* ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં અયોધ્યાની ઉત્તરે કપિલવસ્તુ નામના નગરમાં શુદ્ધોદન નામે રાજા રાજ્ય કરતો હતો. રાજાની બે રાણીઓમાંની એક માયાદેવીને પેટ સિદ્ધાર્થ નામનો કુંવર થયો. જોશીઓએ તે મોટો ત્યાગી અને ધર્મસંસ્થાપક થશે એમ કહ્યું તેથી રાજાએ તેના ઉછેર દરમિઆન એવો બંદોબસ્ત રાખ્યો કે સંસાર પર અભાવ થાય એવું કંઈ પણ તેની નજરે જ પડે નહિ. કુંવર ફરવા જાય ત્યારે ઢંઢેરો પિટાવી લુલાં લંગડાં રોગી અને દુઃખીઆંને બહાર નીકળવાની મના કરવામાં આવે. આમ છતાં એકવાર વૃદ્ધ, એકવાર રોગી અને એકવાર સ્મશાન જતું મડદું વગેરે તેને સામાં મળ્યાં. સિદ્ધાર્થને મનુષ્યોની એ દશાઓ જોઈ વૈરાગ્ય આવ્યો. લોકો દુઃખમાંથી કેમ છૂટે એ પ્રશ્ન ઉપર તેણે વિચાર કરવા માંડયો. શુદ્ધોદને તેના વૈભવમાં વધારો કર્યો એટલુંજ નહિ પરંતુ યશોધરા નામે એક સુંદર રાજકન્યા સાથે તેને પરણાવ્યો. વહુ ઘેર આવી અને પિતાના ચાલુ ને ચાલુ પ્રયત્નથી સિદ્ધાર્થે સંસાર માંડયો. કેટલેક સમયે યશોધરા સગર્ભા થઈ પિએર ગઈ. એ દરમિઆન સિદ્ધાર્થે પાછા પોતાના

ઉણા થતા સ્નેહથી મંદ ડોલતી,
પ્રદીપની જ્યોત ઝીણી થતી હતી;
રથાંગના મૌન થઈ હતી રડી,
પ્રશાંતતા રાત્રિની વાધતી હતી.
ઉંઘી ગએલી અવરોધ માગધી-
તણા હતા હસ્ત વિંણા પરે હજી;
મૃદંગના લેપ લિલા હતા, વળી
તરંગતા તારની ચાલતી હતી.
ગવાક્ષ માર્ગે હજી તો જતી હતી,
કપોત વર્ણી ધુમ વેણિધૂપની;
મધુ સ્રવી થૈ ન હતી પુરે પુરી,
પ્રફૂલ્લ હારાવલિની કળી હજી.

વિચારોને આગળ વધાર્યા; પણ પિતાના બંદોબસ્તને લીધે ત્યાગી થઈ જવાયું નહિ. યશોધરાને કુંવર આવ્યો. રાજાએ 'રાહુલ' એવું તેનું નામ પાડ્યું અને છ મહિનાનો કુંવર લઇ યશોધરા પાછી જીઆયણાને આણે સાસરે આવી. પુત્રને લઇ સ્ત્રી આવી અને કુંવરને જોયો તેજ વખતે સિદ્ધાર્થના મુખમાંથી એવાં વચન નીકળી ગયાં કે, આ વળી મારા પગમાં બીજી બેડી પડી. પુત્રસ્નેહમાં લુબ્ધ ન થવું અને આજે જ ચાલ્યા જવું, એવો તેણે મનમાં ઠરાવ કર્યો. કુંવરને લઇ આવેલી મોટી આશાઓથી ભરેલી યશોધરા બાળકને સોડમાં લઇ પતિ સાથે અંતઃપુરમાં સુતી છે, ત્યાંથી આ પ્રસંગ ઉપડે છે.

બુદ્ધદેવ એજ સિદ્ધાર્થ. અશ્વઘોષ નામના કવિએ રઘુવંશ જેવું બહુ જ રસભર એક સંસ્કૃત કાવ્ય 'બુદ્ધચરિત્ર' ને નામે બનાવેલું છે. અંગ્રેજીમાં પણ 'એશિઆઈ જ્યુતિ' એ નામનું મજેનું કાવ્ય આ કથા ઉપર છે.

મુખાબ્જથી મત્ત વિલાસિનીતણા,
પ્રસારતા આસવની સુવાસના;
સમીર વાતાયનથી ધિરા ધિરા,
બહિર્દિગંતે સરતા જતા હતા.

અનુષ્ટુપ.

સુતેલો એટલામાં તો, ઓચિંતો આપ જાગિઓ;
ભરેલો દુઃખથી જેને, ખોટો સંસાર લાગિઓ.
સપુત્ર સુખ શય્યામાં, ભાળી સુતેલ ભામિની;
ઉભો પર્યંકની પાસે, જોતો દૃષ્ટે અમી ભરી.

ઉપજાતિ.

ત્યાગી વિચારો બનિયા વિરોધી,
માયા થઈ આરૂઢ ચિત્ત રોધી;
ઉઠ્યો વિરાગી થઈ કિંતુ જાગી,
ગયો પ્રિયા પાસ બની સરાગી.

શય્યાપરે હંસની પાંખ જેવી,
યશોધરા શાંત હતી સુતેલી;
વિભિન્ન હોયે યમુના પ્રવાહ,
છુટો હતો કેશ કલાપ તેમ.

બેઠેલ હોયે ન મરાલ પક્ષ,
કરે મુકેલું હતું તેમ શિર્ષ;
બિડાયલાં પદ્મ ન હોય તેની,
ઉંઘે હતી આંખડલી મિચેલી.

મણીધરો હોય ન જેમ ભેટયા,
    રહ્યા હતા બે પગ તેમ ભેળા;
સોડે સુતા રાહુલ આસપાસ,
    રાખ્યો હતો સ્નેહથી એક હાથ.

જ્યોત્સ્નાતણો પુંજ ન હોય તેવા,
    ગોરો ભરેલા મુખનો રૂપાળો;
પયોધરે માતતણા અધીરો,
    કુંકુમ વર્ણો કર હૈ સુતેલો.

પ્રિયા અને પુત્ર સુતાં નિહાળી,
    મોહી રહ્યો ગૌતમ ભાગ્યશાળી;
આસંગ ને ત્યાગતણી તુલામાં,
    ઉભો પડી તર્ક પરંપરામાં.

સિદ્ધાર્થ — અનુષ્ટુપ.

દાંપત્ય સ્નેહની સીમા, આમાં આવી રહેલ છે,
ઉપેક્ષા કરીને તેની, ચાલ્યા જાવું અયોગ્ય છે.

ના ના એમ નથી આ સૌ, દુઃખદાયી અસત્ય છે;
સત્યને શોધવું જેને, તેને ત્યાજ્ય પ્રપંચ છે.

કોનો પુત્ર અને કોની, નારી સમૃદ્ધિ સાહ્યબી;
અંતે જે સંગ ના આવે, મિથ્યા તેની શી મોહિની.

(આમ બોલી અવળું જોઈ નીચે ઉતરી પડયો ને ગયો તે ગયો જ.)

પદ.+

નિરભાગીઓ રે, મોસાળથી ઘેર આવીઓ;
તેજ રાત્રીએ રે, તાતે સંસારને ત્યાગીઓ.

સગાં સાગવાં રે, પૌર અમંગળ બોલશે;
કર્મ સૂત્રિત રે, મર્ત્ય છે તે કોણ જાણશે.

બાળુ! બાપુડા રે, આ શું અચાનક નીવડયું;
મારે તાહરે રે, માથે આ આભ તૂટી પડયું.

સુખ બાપનું રે, કરમે લખાવી ન લાવીઓ;
નિરભાગીઓ રે, ત્યારે કુંવર તું શે આવીઓ.

+ રાગ આગલા પદનો. બીજે દિવસે સવાર થતાં જ બધે શોકનું વાદળ છવાઈ ગયું. રાજમહેલમાં ગમગીની પથરાઈ ગઈ. જાગતાં ને સમાચાર જાણતાંજ યશોધરાના પગ ભાગી ગયા હોય તેમ પલંગની નીચે ઉતરતાંજ તે ભોંયપર બેશી ગઇ. ગુમ થઈ ગઈ હોય તેમ આશાભરી બાળા વગર બોલે ચાલે કેટલોક વખત બેસી રહી. રાહુલ જાગ્યો ત્યારે દાસીએ વગર બોલે ચાલે પલંગમાંથી ઉપાડી તેને યશોધરાના ખોળામાં મૂકયો. સેતુ તૂટે તેમ તેનું ધૈર્ય-મૌન તૂટયું. આંસુની ધારાઓ ખેરવતી તે આટલું જ રડી.

સતી ને દક્ષનો યજ્ઞ.*

સતી ત્રિતાળની ચોપાઈ.

આર્યપુત્ર! તમે આ શું બોલો,
ખરા ખોટાનો કંઈ તોલ તોળો;
આંઞ્યે અવસરે જાય ભુસાઇ,
આડે દા'ડે જે હોય લડાઇ.
વીસરાય શું દીકરી ક્યાંહી,
જેની માતા કરે રાજ જ્યાંહી:
પૂજ્ય વર્ગમાં જેહ સવાઈ,
ભુલે સસરો શું તેહ જમાઇ.

અનુષ્ટુપ.

શંકર તમારા સમ છે સુભ્રુ! તમને અથવા મને;
સંદેશ સરખોએ જો, કહાંઞ્યો હોય એમણે.

* દક્ષ પ્રજાપતિએ પોતાની પુત્રી સતીને શંકરની સાથે પરણાવ્યા પછી સસરા જમાઇને અંટસ પડયો હતો. શંકરે ને સતીએ તેમની સાથેનો બધો વ્યવહાર બંધ કર્યો હતો. એકવાર દક્ષ પ્રજાપતિએ યજ્ઞનો મોટો સમારંભ માંડી ત્રણે લોકમાંથી પ્રતિષ્ઠિત કુટુંબોને પોતાને ત્યાં નોતર્યાં હતાં. નારદે આ વખતે સતીને મળી કહ્યું કે, તમને આમંત્રણ ન હોય એમ બનેજ નહિ. એ તો શંકરનું છળ હશે, તેમ છતાં પિતાને ત્યાં જવાને પુત્રીને વળી આમંત્રણની શી જરૂર? સમારંભ બહુ સારો છે અને તમારે શંકરને લઈ જવુંજ જોઈએ. નારદના

(રાગ ચાલુ.)

જેણે આમંત્ર્યું છે ભૂત માત્ર,
જુઠા! જાવ શું ભુલે તે જામાત્ર;
રાખ્યું હોશે તેડું તમે છાનું,
સમ સગરા તમારા ન માનું.
આમ નિઃસંગ રો' તે શું સારૂં,
જુવો સંસારની આંખે વારૂં;
જોશું ઉછરંગ જાગ જગનનો,
સુખ વૈભવ તાત ભવનનો.
તમે હોંશ કરો ન કરાવો,
મને ઉલટી ઉદાસી બનાવો;
મારી હોંશિલી માત રિઝાવા,
તમે ક્યારે સાસરીએ આવ્યા ?
તમે ક્યારે પ્રભુત્વ બતાવી,
મને મૈએરીઆંમાં ફુલાવી ?
મારા પિએરની શેરીને પંથ,
જતા આવતા થઇ મુજ કંથ;
મીઠી આંખતણે અણસારે,
મારી સખીઓથી જોવાયા ક્યારે ?
જોવા દીકરી જમાઈનાં જોડાં,
હશે આતુર એ સૌ ન થોડાં ?
મારી બાળ સૈયેરોના ભાવ,
ચાલો જોજો લૈએ રૂડો લ્હાવ.

ચઢાવવાથી સતીએ શંકરની પાસે જઇ યજ્ઞ સમારંભની વાત કહી અને ત્યાં જવાનો આગ્રહ કરવા માંડયો, ત્યાંથી આ પ્રસંગ ચાલુ થાય છે.

મારી માતને હેતને હાથે,
જમજો સમવય સ્નેહીઓ સાથે;
મારૂ મોટેરાંમાં સનમાન,
જોઇ તમને થશે અભિમાન.
ઠાઠ માઠે બની ઠકરાયા,
આવ્યા પરણવા ત્યાં શું જોવાયા;
કાળા ગોરા કે વરવા રૂપાળા,
મારી સખીઓ તો 'છે' કે'છે કેવા ?
દાસ દાસીને ગજ રથ ઘોડે,
ચાલો આપણ જઇએ સજોડે;
મારી બેનો ને સખીઓના વાદે,
મારે જાવું મૈએર બડા ઠાઠે.
ઉઠો વાઘાંબરી ના સતાવો,
ફરી અવસર આવે ન આવો;
પાથરીને પાલવ વારંવાર,
યાચું આટલું હું ત્રિપુરાર.
કરૂં દક્ષવતી કાલાવાલા,
ચાલો ઉઠો સતાવો ન વ્હાલા !
શાણાં સમજુ થઈ ભુલો કેમ,
વણ તેડયાં જવાય ત્યાં કેમ ?
દે ન સન્માન જો દક્ષરાય,
હાસ્ય દેવોમાં આપણું થાય;
ઘટે માન બને કદી આવું,
• માટે સર્વથા હું નહિ આવું.

સતી
હાં હાં આજ હું સમજી આ સઘળું,
તમે આડા થઇ વદો અવળું;
મારા પિએરનું બોલો ઘસાતું,
નથી મુજથી હવે તે ખમાતું;
તમે ઉજળાં સગાંના ન સંગી,
આડા અતડા ન લેશ ઉમંગી.

શંકર
અનુષ્ટુપ.
ઇચ્છા છે તો ભલે એવી, સિધાવો લઇ નંદીને,
પ્રણામ માહરા કે'જો, દક્ષને પાદ વંદીને.

સતી
ઉપજાતિ.*
નિવેદજે આ સઉ વૃત્ત નંદી,
મારાવતી ત્યાં જઇ પાદ વંદી;
એકાંતમાં શંકરને કહેજે,
મારાં વળી વાચક આ પ્રમાણે.
સત્વે તમ દ્રોહીતણે બનેલો,
દુર્ભાગ્ય આ દોષિત દેહ મારો;
ઉત્સંગને યોગ્ય નથી રહેલો,
હુતાશને આ પળ હોમવાનો.
પ્રભો તમારાં પદ પૂજવાનાં,
પુરાં થયાં પ્રાક્તન પુણ્ય મારાં;
પિએરિયાંનો ધરી પક્ષ મારાં,
સુણ્યાં નહીં મેં વચનો તમારાં.

---

* પિએરમાં અપમાન થવાથી દેહ ત્યાગ કરતાં તેમણે પછી નંદીને આ પ્રમાણે કહ્યું.

અયોગ્ય મારાં વચને દુભાયા
હશો તમે તોપણ નાથ મારા;
શરીર કષ્ટી તપ આદરીશ,
પરંતુ પાછી તમને વરીશ.
મૈએરનું માન ધરી ઘણેરૂં,
કહ્યું ન માન્યું શિરછત્ર કેરૂં;
તેનું મળ્યું આ ફળ ભાગ્ય મારૂં,
હુતાશને પાતકને ઉતારૂં.

રંભાનો અભિસાર.*

વંશસ્થ વૃત્ત.

કુબેરથી શાસિત દેશને વિષે,
પવિત્ર કૈલાસ તણે પથે રુડે;
વસંતમાં એક સમે નિશાગમે,
જતો હતો રાવણ રુદ્ર અર્ચને.

* આ રા૦ ઉત્તર કાંડ ૨૫ મા અધ્યાયમાંથી લીધેલો પ્રસંગ છે. નળકુબરને મળવા જતી રંભાને રાવણે હેરાન કરી તેથી તેણે તેને શાપ દીધો હતો. 'ભતરીજા વહુ હું તમારી' એવા પદથી શરૂ થતો આનો ઉત્તર ભાગ મળી આવ્યો નથી.

સુધારસે પાદપને પખાળતી,
ગિરિ પ્રદેશો રજતે રસાવતી;
સજોડિયાં લોચનને હસાવતી,
પડી રહી'તી પરિપૂર્ણ ચંદની.

ચકોરનાં ચિત્ત રિઝાવતી, વળી
કળી રહ્યાં કૈરવને ખિલાવતી;
અમીવતી શીતળ શાંતિ સારતી,
પડી રહી'તી પરિપૂર્ણ ચંદની.

થતાં હતાં ગાયન વાદ્ય નર્તને,
ગૃહે ગૃહે ચિત્રરથી વને વને;
કહીં કહીં ગુહ્યક યક્ષ કિન્નરી,
સકામ જોડાં ફરતાં હતાં વળી.

શ્વેતાભ્ર જેવા હિમખંડ તારકો
સમા રુડા કૈરવથી સરોવરો;
સ્પર્દ્ધા શરદ્વ્યોમતણી કરી કરી,
રહ્યાં હતાં પ્રેક્ષક દૃષ્ટિને હરી.

ઝીણે ઝીણે ઝાંઝરને રવે રવે,
મરાલને ખેલવતી કળે કળે;
સુરાપગા સૈકતને તટે તટે,
રૂપાળી કન્યા રમતી હતી રસે.

ઝુકી રહી'તી ભ્રમરાવલી થકી,
સ્થળે સ્થળે પુષ્પિત રમ્ય મંજરી;

ઉડી રહ્યા'તા જળયંત્ર ચંદ્રને,
વધાવતા મોહક વારિ મૌક્તિકે.
મનોજ્ઞ કસ્તૂરિ મૃગાભિસારની,
સુવાસથી વ્યાપ્ત હતી વનસ્થલી;
નભે ચઢયાં સારસ કૂજનો થકી,
દસે દિશા નાદિત થૈ રહી હતી.

ઉજાયલી આ સમયે અનંગથી,
કુબેરના પુત્ર વિષે રતી ભરી;
પ્રસન્ન રંભા અભિસારિકા બની,
જતી હતી વલ્લભ ભેટવા ધશી.

નવા નવા સુંદર ઘાટ ઘાટના,
સજી અલંકાર શરીર શોભતા;
ઝીણાં અને નૂતન રંગ રંગનાં,
ધર્યાં હતાં અંબર અંગ ઓપતાં.

વિલાસથી પાલવને રમાડતી,
લીલાગતે અંબરને ઉછાળતી;
જતી તહીંથી લટકે લળી જતી,
રૂપાળી રંભા દશકંધરે દિઠી.

દેવયાની ને કચ.*

—×—

પદ.

હૃદયનો રંગ આ, એક કચમાં પૂરાઈ રહ્યો રે,
હૃદયનો રંગ આ, એક કચમાં૦
જેવો એ આવ્યો નયન પથ મારે,
તેવો જીગરમાં જડાઇ ગયો રે,
હૃદયનો રંગ આ, એક કચમાં પૂરાઇ રહ્યો રે.
જીવ ભમે મુજ જીવ ભમે,
કચ પાછળ મારો જીવ ભમે.
ઘરમાં વનમાં, હરતાં ફરતાં,
પ્રિય આલીગણે વસતાં ન ગમે,
જીવ ભમે મુજ ભમે કચ પાછળ૦
નથી ઔષધ અન્ય વિના કચથી,
કચ મળવે વ્યાધિ સર્વ શમે,
જીવ ભમે મુજ જીવ ભમે–કચ પાછળ૦

* બૃહસ્પતિનો પુત્ર કચ શુક્રને ત્યાં સંજીવિની વિદ્યા ભણવા રહ્યો હતો તેને જોઈ શુક્ર પુત્રી દેવયાની મોહી પડી હતી. તેના મનમાં ને બહાર કચ રમી રહ્યો હતો તેથી એકાંતમાં તે એનુંજ રટન કરતી હતી. એનું રટન અને કચની ના એ અત્ર વસ્તુ છે.

મદનને—પદ.

શાને દમે પિટયા મદન મને તું,
અંબોડલો છે આ અબળાનું ભૂષણ, (૨)
ગહન જટા જૂટ ન્હોય શંકરનું,
શાને દમે પિટયા મદન મને તું.

મૃગમદ લેપ કરેલો ગળે છે, (૨)
ચિહ્ન ન હોય નીલું એ ગરલનું,
શાને દમે પિટયા મદન મને તું.

વહ્નિનું સ્થાન આ ન્હોય ત્રિલોચન, (૨)
ભાલ તિલક છે મદન કુંમકુંમનું,
શાને દમે પિટયા મદન મને તું.

હું નથી દહનક સ્મર તુંજ શંકર, (૨)
હું છું દુઃખી બાળ દીન ન માર્યું,
શાને દમે પિટયા મદન મને તું.

કચ્ય

ગીતિ.

કયમ તું ભ્રાંત દિસે છે, કારણ આનું કળાય ના મુજથી;
એવું શું છે મનમાં, કહેવાનું જે કથાય ના તુજથી.
વદ વદ વદ વામોરુ ! વરવાંચ્છા જે તને ઘણી હોય;
તે વર આપી તુજને, ગુરુ કન્યાને પ્રસન્ન કરૂં સોય.

દેવ૦ વરવાંચ્છા નથી બીજી, વરવાંચ્છા છે રસિકવર તારી;
વધૂ કરી દેવ ગુરુની, વાંચ્છા પૂર તું ઘણા દિની મારી.

કચ બેન સમાન તું મુજને, ગણાઉં બધું સમાન હું તુજને;
એ સંબંધ ભૂલીને; બોલે આ શો અનર્થ તું મુજને.

ઈન્દ્રનું જાર છળ.

દ્રુતવિલંબિત.

પય વિશુદ્ધ ફિકી થઈ ચંદની, હિમ મલીન દિગંત દિશા બની;
સુરત મુગ્ધ સુરેશ્વર કુક્કુટે, સુર કરી જગવ્યા મુનિ તે સમે.
સમય બ્રહ્મ મુહૂર્ત તણો અહા, થઈ ગયો, મુનિ એમ વિચારતા;
લઇ કમંડળ કોપીન પાધરા, ઉટજથી નિકળ્યા નદિએ જવા.

અનુષ્ટુપ.

ઉઘાડયાં દ્વારને પેઠો, મુનિ વેશ શચિપતિ;
કામીને સત્ય છે ન્હોયે, લજ્જા વિશ્વવિષે કશી.
સતીએ દ્વાર દીધાં કે, હશીને મોહનું ભર્યું;
વજ્રીએ ધૃષ્ટ થૈ ધીરૂં, માગ્યું ન માગવાતણું.

(રડા હિસોછો રાજેશ્વર. એ રાગ.)

ક્યાંથી આજ અચાનક, સુખ આ સ્વામી સાંભર્યું રે૦
ક્યાંથી આજ અચાનક, સુખ આ૦

સંધ્યા વંદન કાજ સીધાવ્યા, પળમાં ત્યાંથી પાછા આવ્યા;
સાચું કો' શે મુનિવર મન મોહે ભર્યું રે. ક્યાંથી આજ અચા૦
થરથર અંગે ધ્રુજો ઝાઝા, સંયમી થઇ કયમ મુકો માઝા;
તીણું તીણું નીરખો શું મદનું ભર્યું રે. સ્વામી આજ અચા૦
બાંહ્ય ગ્રહી લ્યો કંઠે તાણી, થરથરતે મુખ વદતા વાણી;
અધીર થયા ધીરા તે ચિત્ત શાણે ચળ્યું રે. સ્વામી આજ૦
મંદ મધુર હસતા કર ધરતા, મુજને પણ મદઘેલી કરતા;
મુનિવર આ શું અલૌકિક આજ નવું નવું રે. સ્વામી આજ૦

રૂકિમણીનો સંદેશો.

---x---

(નાનીશી નથ મારા નાકમાં સમાય–એ રાગ.)

સ્વસ્તિ શ્રી સ્થાન સોરઠ પૂર સાર,
રાજ કરે જ્યાં મારા પ્રિય પ્રાણાધાર, જાવ તહાં દ્વિજરાજ.
આપજો પત્ર ને કહેજો આ વાત,
જે રે જુઓ છો તમે નયણે સાક્ષાત;
ઝાઝું લખીએ શે કાજ, ઘરના ગુરુ મહારાજ.
કુંવારી કન્યાને કરી અઘટિત કાજ,
કાગળ લખું છું જોજો લેતા મારી લાજ–દ્વારામતી હો રાજ.

નવ ગાંઠ્યા તાત ને નવ ગાંઠ્યાં માત,
એનું રે કરે છે ધાર્યું અહીં મારો ભ્રાત–વેલા વળજો હો રાજ.

ત્રણ દીની વરધે લગન લીધાં આજ,
શિશુપાળ આવે છે લેઇ એનો સાજ–દ્વારામતીના હો રાજ.

માબાપે મૌન ધર્યું ન થાય વાત,
વકર્યો રૂકમૈઓ ત્યાં કોની રે તાકાત–વેલા વળજો હો રાજ.

તન મારૂં અહીંઆં ને મન તમ પાસ,
લખતાં લખું છું એક ખરે રે વિશ્વાસ–દ્વારામતીના હો રાજ.

અંબિકા પૂજવા નીકળું ઘર બહાર,
ત્યાંથી હરણ મારૂં કરવા મોરાર–વેલા વળજો હો રાજ.

કાગળ ભીંજાય ન દેખાય ન લખાય,
સાંભરો તમે ને મારી આંખડી ભીંજાય–દ્વારામતીના હો રાજ.

અમુંઝણ થાય ન જંપાય દિન રાત,
કોઈ નથી મારૂં ત્યાં કરૂં કોને વાત–વેલા વળજો હો રાજ.

તમારા ઉપર મારા જીવનની આશ,
જીવણ ! રાખી છે જો જો થાય ન રકાશ–વેલા વળજો હો રાજ.

દિલ ધરી દાઝ દીન દાસીને કાજ,
મારી રાખવાને લાજ, જદુરાય આવું વાજ–વેલા વળજો હો રાજ.

તુલસીદાસનો ત્યાગ પ્રસંગ.

—×—

અનુષ્ટુપ.

પ્યારિ પ્યારિ કહી પાસે, આવતા કામ મુગ્ધને;
લજ્જાળુ વધૂએ રોકયો, આ રીતે અટકાવીને.

લલિત છંદ.

શરમ છે કશી કે નથી પતિ,
અરર ! આમ શું ગુમ થૈ ગતિ;

* તુલસીદાસ ઉત્તર હિંદના એક કુમાવિસદાર પિતાના પુત્ર હતા. પિતા તેમને નાના મૂકીને મરી ગયા અને પોતે મોજ શોખમાં ઘણો પૈસો ઉડાવી લીધો. ઘર ઊંચું હોવાથી જોડેના એક ગામમાંથી ખાનદાન કુટુંબની કન્યા મળી. કન્યા ઘેર આવી અને તુલસીદાસજી તેનામાં એવા લુબ્ધ બની ગયા કે, મા બિચારી દરણાં દળી તેમનું પોષણ કરે તેની પણ દરકાર રહી નહિ. વહુને તેને પિયેર પણ જવા દે નહિ. એકવાર વહેવાણના બહુ ઠપકાથી તુલસીદાસ નદીએ નાહવા ગયા હતા એટલામાં તેમની માએ વહુને મોકલી દીધી. ન્હાઇને પાછા આવતાં જ તેમણે 'એ કયાં ગઇ? એમ પૂછયું અને 'પિયેર' એટલો ટુંકો જવાબ સાંભળતાં જ હાથમાં પાણીપત્ર ખભે ધોએલું ધોતીઉં ને ઓડે માથે તુલસીદાસ ઘેરથી–ગામમાંથી નીકળી સાસરે ગયા. પ્રેમમુગ્ધ જેવા તે ઉડહુડ 'પ્રિયા પ્રિયા' કહેતા સાસુના અંતઃપુરમાં પેસવા જતા હતા એટલામાં તેમનાં વધૂએ નિર્લજ્જતાથી ખીજવાઈ જઈ આ પ્રમાણે કહ્યું.

મુજ અભાગિણીની બધી રતિ,
　　　　પ્રભુ પદે ધરો થાય સદ્‌ગતિ.
રુધિર માંસનાં ગર્હ્ય ગાત્રની,
　　　　નરક ખાણ હું નારિ જાતની;
તુલસીદાસજી આટલી રતિ,
　　　　પ્રભુ પદે ધરો થાય સદ્‌ગતિ.

સલિલના ક્ષયાં બુદ્‌બુદો સમા,
　　　　સડિ જતા બધા તત્વના બન્યા;
વપુ વિનાશિની વ્યર્થ મોહિની,
　　　　પ્રભુ પદે ધરો થાય સદ્‌ગતિ.

શ્રવણ શું કરો વાલી વેણને,
　　　　નયન શું ભરો રૂપ કૂટડે;
ગરિબ શું બનો ગોરિ ગૌરવે,
　　　　નમન શું કરો નારને પદે.

શ્રુતિ ધરો કથા રામ કામની,
　　　　નિરખી લ્યો છબી રાઘવેન્દ્રની;
દીન બનો દયાનાથ સન્મુખે,
　　　　ચરણમાં નમો શ્રીહરી તણે.

ધન ધરા અને દાર સંતતિ,
　　　　કશું નથી ખરૂં વિશ્વમાં પતિ;
જગત જાળ આ જુઠી મોહિની,
　　　　પ્રભુ ભજો થવા સ્વામિ સદ્‌ગતિ,

ક્ષર શરીર આ પાપ પાંજરૂં,
રટન શું કરો તેહનું મરૂં ?
પ્રભુ થવા કરો શ્રેય આપનું,
સ્મરણ રામના પુણ્ય નામનું.

અનુષ્ટુપ.

કઠોર વચનો આવાં, શ્રેયનાં બોધનાં સુણી;
ઉંબરેથી વળ્યા પાછા, રામ ભક્ત શિરોમણી.

પદ.

ધન્ય તરુણી તુલસીદાસની, બોધ્યો અનુરક્ત નાથજી;
ધન્ય તરુણી તુલસીદાસની.
પોતામાં મોહી રહેલ ને, કરતા હાજી હજુરજી;
જોબનીએ નવે નાથને, કરશે કયી વહૂ દૂરજી.
ધન્ય તરુણી તુલસીદાસની.
સ્વામીનું હિત વિચારવા, કીધું સુખ પોતે ત્યાગજી;
અવસરે યોગ્ય વચન કહ્યાં, જેનો લાગીઓ ડાગજી:
ધન્ય તરુણી તુલસીદાસની.
ગદ્ધા પચ્ચીશીમાં ઘૂમતા, વહૂ મધુ ચકચૂરજી;
કંથને બોધ્યો તેં સાધવી, અમને પદ તારાં પૂજ્યજી.
ધન્ય તરુણી તુલસીદાસની.

રાધાનું રૂપગુણગૌરવ.

૫૬.

ખસો અળગા, અડશોની અલબેલા,
છોરા નંદના ન થઈએ છટકેલા;
ખસો અળગા અડશોની અલબેલા.
કહીં અણજાણે ઘેર જનમેલા (૨)
અહીં આહીરડાંમાં ઉછરેલા;
તમે નહિ અમ લાયક નહિ છેલા,
ખસો અળગા અડશોની અલબેલા.

અમે મોટા ઘરની વહુવારૂં,
તમે કાનકુંવર નારૂં કારૂં;
કાના સંગ શું અસમ શોભે વારૂં ?
ખસો અળગા અડશોની અલબેલા.

અમો ગોરટડી રે ગુણી વણઝારી,
તમે કાળા કુબડા ને ગઉચારી;
યદુનંદન આપણી ન્હોય યારી.
ખસો અળગા અડશોની અલબેલા.

છોરા, નંદના ન થઈએ છટકેલા,
ખસો અળગા અડશોની અલબેલા.

કૃષ્ણને લઇ આવવા વિનતી.

(ઓધવ સાચું કોની આવ્યા કેમ નહિ.—એ રાગ.)

રાધા શામળીઆને સમજાવી લાવ અહીં,
સાહેલડી બીજે ન જાય કહીં;
શામળીઆને સમજાવી લાવ અહીં.
ચતુર તો તો ચંદ્રાવલી તું સહી,
જસોદાનો જાયો ન જાય વહી;
શામળીઆને સમજાવી લાવ અહીં.
તલસું હું તો અતનુને તાપે તપી,
વિઠ્ઠલવર વૈદને રહી છું જપી;
શામળીઆને સમજાવી લાવ અહીં.
દૂતિ કનૈઆનો કાન ધરીને સહી,
હાજર કરૂં તારી હજુરમાં અહીં;
ફીકર નવ કરતી સલુણી કંઈ.

——×——

રાધાનો શરદ વિજોગ.*

(મારૂં સોનાનું છે બેડું રે—એ રાગ.)

વાલી વાલે તરછોડયાં રે, કે'ને કોને જઇ કહીએ;
પ્રીતિમાં બંધન તોડયાં રે, અંતરમાં સમજી રહીએ.

---

* વિજોગણ ગુર્જરીનું આ શરદ વર્ણન છે પરંતુ રાધિકા જેવી ભાષાના સાહિત્યની અનુત્તમ દૈવી નાયિકાને લગાડી દેવું એ ઠીક લાગવાથી તેમ કર્યું છે.

શું સાસરીએ જઇ કરીએ રે, સાંભળ શાણી સાહેલી;
મૈએરમાં મુંઝાઈ મરીએ રે, રહીએ કયાં જઇ તે કે'ની.
મુઓ મદન થઇ મહા વેરી રે, રંજાડે છે આપણને;
મુંઝામણ અંતર કેરી રે, કે'વાયે ના પરજનને.
નથી રોગ કશો પણ એની રે, નિશદિન ગાત્રો શોષાએ;
શું કરીએ ઔષધ કે'ની રે, પ્રાણજીવન વણ વણસાએ.
સાસુજી ચિંતા કરતાં રે, નાની નણદી રોજ પૂછે;
મને દેખી નેણો ભરતી રે, ભાભલડી આ-તે શું છે?
મારા સસરાજી શોષાએ રે, દેખી દીન જન શી મુજને;
સાસુજીને સમજાવે રે, લોભ લાગ્યો છે શું એને.
ઉનાળે લોહી ઉકાળ્યાં રે, ગાળ્યું દુઃખે ચોમાસું;
આ આવી શરદ સતાવારે, વરસાવે વિરહી આંસું.
અંબરમાં આછા તારા રે, શરદ પુનમની રાતલડી;
સુખ લે સંજોગી દારા રે, છણછણ દાઝે છાતલડી.
પાકી ગૈ સાલ રસાળી રે, શાલી પાકી પીળી થઈ;
પાકી હું નાર વિજોગી રે, પ્રેમ પીડે બેહાલ બની.
ગાંડી ઘેલી થઇ કીધો રે, લીધો લાવ વિલાસ કરી;
નદીએ સમજુ થઇ સીધો રે, લીધો પંથ સુનીતિ ધરી.
આછુકલો અંખુરાશિ રે, ખાશી રીતે ખેલ રમ્યો;
બહુ નદીઓનો નાવલીઓ રે, નાશી ઉછળી શાંત થયો.
સાંજે નવ વધુઓ શાણી રે, નાના વિધ શણગાર સજી;
સાસુજીને શિર નામી રે, નાની નણદી સાથ લઈ.
શેરીમાં ગરબા ગાતી રે, રાતે રંભા સમ ભાતી;

રાતી ને તાતી માતી રે, જોબન જોરે છલકાતી.
ચાંદલીઓ ચિત્ત ચળાવે રે, વધુ વધુ કહું વાતલડી;
નવ નવરાત્રીના દાડા રે, શશી અજવાળી રાતલડી.
શરદે છે તેજ સુભાગી રે, ઘર જેને છે નાવલીઓ;
અમ સરખાં બેન અભાગી રે, લેઈ શકવાનાં લાવ કીઓ ?
સખી શા માટે રીસાયા રે, સાસુજાયા ન સમજાતું;
કાગળ કડકો નથી લખતા રે, એ મુજથી નથી સેવાતું.
પરણીને ગઇ હું જ્યારે રે, ત્યારે માનિતી કીધી;
બહુ વિધનાં લાડ લડાવી રે, વાલમજીએ વશ કીધી.
હૈએ ધીકે છે હોળી રે, સ્વામીના વિરહે સજની;
મારાં ભીંજાય ચીરને ચોળી રે, રોતાં વિતે છે રજની.
બધી અબળા જાતિ એવી રે, પાણી પીને ઘર પુછે;
પરવશ કરી મૂકે વહેતાં રે, આંસુ આવી કોણ લુછે.
સુની કુંજ ગલી જમુના રે, તટ સુના ને હુંય સુની;
હબકે હૈડાં ઉછળે છે રે, હા હૈયાના હાર હરી.
મથુરાંમાં મૂકી રોતી રે, વાલમજી સૌરાષ્ટ્ર વશ્યા;
હવે ઘણું થયું ગીરધારી રે, હારી હારી હુંજ વશા.
રિસાળ રસિક રાધાના રે, આઘા નવ રો' મુગટમણી;
લ્યો આજ થકી સમ ખાધા રે, બાધા મારે બોલ તણી.
જોવાને પ્રેમ અમારો રે, તજી ત્રિકમ શું ચાલી ગયા;
ગોપીનો સાથ રડાવ્યો રે, મનમાં નાવી કાંઈ દયા.
કુબજાને લાડ લડાવો રે, નથી એની ઈર્ષ્યા અમને;
પણ વાસ વસો વૃંદાવન રે, જોઈ રીઝીએ પ્રભુજી તમને.

નમી નમી યાચી લીધેલાં રે, દર્શન સુખ ક્યમ વિસરસે ?
શું પ્રણય કલહનો રાખી રે, રોષ વસ્યા જઈ વિદેશે.
પળશી કરતા પાતળીઆ રે, માનિનીઓને મનવવા;
તે તમ પાખે ટળવળતી રે, આજે માધવને મળવા.
ઘડી ઘડી ગોપીને કરતી રે, રાગવતી રૂડી વાંસલડી;
નથી પડઘો સરખો પડતો રે, શ્રવણે દિન કે રાત કદી.
જશોદાના જાયા માયા રે, આમ ઉતારી શું દીધી;
કાનુડા કપટી ખબરો રે, સ્વપનામાં પણ ના લીધી.
નિમેષ ન કરતા ન્યારી રે, પ્યારી કહી પુંઠે ફરતા;
જવ તે પ્યારી વિસારી રે, જારી તારી શી મમતા.
સખીઓ મ્હેણાં મારે છે રે, કરે આંગળીઓ લોક પુંઠે;
નથી ઘરમાંથી નિસરાતું રે, રાધાથી પ્રભુ આપ રૂઠે.

કૃષ્ણને ઉપાલંભ.

પદ.

વારૂ પાળો છો વિઠ્ઠલવર આપ્યા વાયદા રે,
વાહ કામ તંત્રના કાયદા રે—વારૂ પાળો૦ ટેક
કોઇને વૃંદાવન બોલાવી, કોઈ સંગાથે કરતા યારી;
એમ સઉને રાજી રાખતા રે, વારૂ પાળો છો૦
ઘડીમાં માત જશોદા સાથે, ઘડીમાં કાળી કુબજા સાથે;
ઘડીમાં ગાયો ચારતા રે—વારૂ પાળો છો૦
કોઇને કુંજ ગલી બતલાવો, કોઇને યમુના તટ બોલાવો;
કહીં વૃંદાવન જઇ ખેલતારે—વારૂ પાળો છો૦

કુંજકેલિ ને શૃંગાર.

પદ.

લાવો લાવો કંકણ મારૂં લાવો,
કાના અમથી ન વેળા વીતાવો;
ચાલી સખીઓ તો વ્રજની વાટલડી,
ભલા ભીરુ હું પડીશ એકલડી.
ભલી ભલી તું ભામિની ભીરુ,
મને સમજાવે ઠીક ધીરૂં ધીરૂં;
કાળી આંખોની કામણગારી,
કાચાં કાળજાં કાઢી લેનારી.
એણાક્ષિ ! તું એકલડી છે શાણે,
જ્યાં ત્યાં કુસુમેષુ છે તારી ત્રાણે;
ગોરિ ! કંકણ તો ત્યારે મળશે,
જ્યારે દ્વૈતનાં અંતર ટળશે.

પદ.

લાવ લાવ હું અળતો લગાડું, પોથીમાં પલાળીરે;
તારી નાજુક પગની પાટલીએ, ને પાનીએ વ્હાલીરે.
લાવ લાવ હું ફેણ શી વેણુ, ગુંથી નાંખું ગોરીરે,
મૂકી ગુલબાસ ફૂલની ઘેર, રહે જેહ ફોરીરે.
લાવ લાવ હું બાંધું લલાટે, લલાટિકા તારેરે;
નરી નક્ષત્રમાળા ન હોય, ખીલી જેમ તારેરે.

લાવ લાવ હું બિંદી બનાવું, ભમરપર તારી રે;
મોટા મુનિઓનાં મન ડળી જાય, એવી પ્રાણપ્પારીરે.

લાવ લાવ હું ઝીણી કરીને, આંખલડીઓ આંજુંરે;
જેના સહજ ફરુંકલાને ફંદે, જગત જાય ગાંજયુંરે.

લાવ લાવ આ મોતીના કાપ, તરલ તનમનીઆંરે;
તારે કમનીય કાને પહેરાવું, લોલક લટકણીઆંરે.

લાવ લાવ આ ઢળતી મજેની, પે'રાવું હું વાળીરે;
જેથી શોભે મનોહર મુખ, રાધે ! રઢીઆળીરે.

ચાલો ચાલો થયું થયું બેશ, હવે ઘોની જાવારે;
ક્યાંક કાઢશો પાછો વેશ, મોહી રહ્યા મા'વારે.

ઉભી રે'રે' જંગાલનું ટપકું, કરૂં તારે ગાલેરે;
મારી ગોરી ગુલાબી નાર, નજર નવ લાગેરે.

मन्दाक्रान्ता.

ગંગા આદિ સકળ નદિનાં વારિ પામી સમુદ્ર,
લેશે ગર્વી નથી પણ ઉંચાં રત્નની ખાણ રૂપ;
પામીને થૈ અતિશય સુખી ભેક ગોપાદવારિ,
કે'સ્પર્દ્ધાથી મમ સમ કયો ? વિશ્વને ભ્હો પુકારી.

रथोद्धता.

મૂક મૂક જળને દયાનિધે !
વારને સમય ના નથી હવે;
આજ ચાતક મુવા પછીથી તું,
વારિને જલદ ! કે' કરીશ શું ?

માત્ર ચાતક તણીજ ચાંચમાં,
બિંદુઓ નવ પડે પયોદનાં;
પાણિ પાણિ કરી નાંખી પૃથ્વિ, તે
મેઘને ક્યમજ દોષ દેઇએ.

शार्दूलविक्रीडित.

પીડયું છે મદવારિથી ટપકતા હસ્તીતણા ગંડને,
પુષ્પોની પણ હૃષ્ટ ચિત્ત થકી છે લીધી હરી ભૂતિને;
ઉરાડયા કમલોથી આશ મધુની જેણે ધરી હંસને,
મોટાનો થઇ વેરી બંધન પડયો તે ભૃંગ આ અંબુજે.

पुष्पिताग्रां.

નિજ શિર પર ભૃંગ બેસવાનું,
તજ અભિમાન ફુલેલ ખાખરા તું;
ધવલ મુદિત માલતી વિયોગે,
અનલ નિવેશ ગણી તુંમાં કરે છે.

સુરભિ રહિત કર્ણિકાર સેવે,
તજી દઈને તું સુવાસી ચંપકોને;
શુભ અશુભ ગુણો ન જાણવાથી,
મધુકર દુર્જનતા જણાય તારી.

વધુ સહ વશી પદ્મનાં વનોમાં,
પ્રતિ દિન તું કરતો વિલાસ જેમાં;
જળ સુકઈ જવાથી તે સરોને,
કયમ થઇ નિર્ગુણી હંસ તું તજે છે.

સ્મર વચન શી પંડિતાઈ તારી,
વળી બહુ કોકિલ મિષ્ટ તારી વાણી;
નથી જરી પણ છાજતી વસંતાં,
વન મહિં આમ પલાશ વૃક્ષ કેરાં.

નભ મહિં ઘનરાયને વિલોકી,
મયુર ઘણા હરખાય નાથ શાથી ?
ઉદય સુહૃદનો થતાં વિશેષે,
મન મહિં સજ્જન હર્ષ વ્હાલી પામે.

વૈતાલીય.

ઘનને સ્તુતિ ગર્જતા કરે, ફલની શા મૃગરાજ આશથી;
પ્રકૃતી જ વડાની એહ જે, નવ સાંખે પરની સમુન્નતિ.

નથી ચુંબિત વાયુએ અને, નથી ભૃંગે વળી મલ્લિકા પિધું;
જડચું જાડી કઠોર ડાળીએ, પરિણામે ધુળ ધાણી તે મળ્યું.

વચનોથી અસભ્ય નીચનાં, મહતા જાય નહીં મહાનની;
જયમ જાય નહીં મહાર્ઘતા, રજથી વ્યાપ્ત થતાં મણિતણી.

ખટ દૈહિક શત્રુને ન જે, પણ વારી શકતા ભણી ગણી;
ઝટ સિદ્ધ કરે કલંક દૈ, ચપલા નામ રમા ખરેખરી.

કરી રક્ષણ નિત્ય સિંચતાં, વિધિનાં બીજ જળે વિવેકના;
જનને ફળ પ્રાપ્તિ થાય છે, શરદે ધાન્યની સૃષ્ટિને યથા.

સમવૃત્તિથી શાંતતા ધરી, સમયે તીક્ષ્ણપણું ધર્યા થકી;
નિજ તેજથી ઉન્નતિ ધરે, જગમાં સૂર્ય સમાન ભૂપતિ.

મદ માનની ઉદ્ધતા ધરી, ક્ષિતિપાલો અતિમૂઢ થાય છે;
અતિ મૂઢ તજે વિવેકને, અવિવેકે જન ખિન્ન થાય છે.

સુળ માર્ગ બતાવનારને, તજતાં કો સુખિયો થતો નથી;
અવધે અરુણ પ્રભા હરી, જયમ માર્ત્તંડ પડે મહોદધિ.

પિક શાવક કાક સંગને, તજી દે જેમ થતાં પુરી વયે;
મળ હંસ કુલે દ્વિજોત્તમ, સહગામી બક સંગ છોડીને.

ઉતરે શુભ શીખ ના ગળે, જડને કોટિ ઉપાય યોજતાં;
શશિકાંત વિના બીજાં પરે, જયમ જાયે કર વ્યર્થ ચંદ્રનાં.

નિજ દોષથી નાશ પામશે, ખલ ઈર્ષા કરતાં મહાનની:
જ્યમ નાશ પતંગ પામતાં, કરિ ઈર્ષ્યા બળતા હુતાગ્નિની.
પૃથિવી પતિની સુતા અને, દમયંતી નળ ભૂપ ભામિની;
પશુ પૂર્ણ ઘને વને ફરી, કૃતિ એ શી વિધિના વિપાકની,

માલિની.

કુમુદિની કરમાતાં, ખીલતા પદ્મ કોશ,
ઘુડ હરખ તજે ને, પ્રીતિ પામે રથાંગ;
ઉદય રવિતણો ને, ચંદ્રનો અસ્ત થાય,
હત વિધિ અવળો તો, અંત આવે વિચિત્ર.
તિમિર હરણ કર્ત્તા, આપ ખે ખેલનારો,
દશ શત કરવાળો, વ્યોમમાં ચાલનારો;
વિધુ પણ વિધિ યોગે, રાહુનાથી ગળાય,
લિખિત બદલવાને, થાય ના કો સમર્થ.
જગ બધું અજવાળે, તે છતાંએ શશાંક,
નિજ વપુગત મોટું, ના પ્રમાર્જે કલંક;
પ્રકૃતિ સુજન કેરી, હોય છે ખાસ એવી,
પર હિત રત રે' ને, આત્મ કાર્યે ન પ્રીતિ.
દિનકર કદી ઊગે, પશ્ચિમે ને કદાપિ,
પ્રચલિત ગિરિ મેરુ, થાય ટાઢોય વહ્નિ;
કદી ગિરિવર શૃંગે, પત્થરે પદ્મ ખીલે,
સુજનતણું ન થાયે, તોય બોલ્યું અબોલે.

ગીતિ.

શરદે ન વરસે ગાજે, વરસે નિસ્વન વૃષા વિષે મેઘ;
કરે નહિ નીચ બોલે, કરે સુજન તે વદે ન લવલેશ.

ગુણીજન લે છે લ્હાવો, સદાય શોધી દૂરસ્થ ગુણીજનનો:
મેડક લે ના લ્હાવો, જળનો વાસી છતાંય પદ્મતણો.

દુર્જનના તે સંસર્ગે સજ્જન જન પણ ગણાય અપરાધી.
રાવણ કૃત અપરાધે, બંધાયો જળનિધિ નિરપરાધી.

સંગ કુછંદ વિશેનો, પણ માહાજનનો જતો નથી વ્યર્થ;
વાસ, વ્યાસને પામી, ધીવર કન્યા પરાશરે જેમ.

નૂપૂરના મરકત મણિની, કણિઓકેરાં પડેલ કિરણને;
ધારી દુર્વાકુર શાં, હરિણી ચાટે પ્રિયાતણા પગને.

આખ્યાયિકા.

સુવર્ણમાં સર્વ ગુણો વસે છે, સુવર્ણને સર્વ સદા ભજે છે;
જુઓ ત્વરાથી જળરાશિના ભણી, ધરી શિવે મસ્તક જાય જાન્હવી.

અનુષ્ટુપ.

સ્તુત્ય છે મહિમા કેવો, મોટાના મનનો અહા!
આપે ઘસાઇને આપે, શાંતિ આશ્રયીને સદા.

—x—

શૃંગાર રસનાં કાવ્યો.

શશાંક દૂત.

વૈતાલીય.

સખિ સાંજ સમે છજે ઉભી, બિજના આશ્વિન ચંદ્રને નમી;
વિરહાતુર એક ગુર્જરી, સહસા આમ વદી શશી પ્રતિ.

અયિ ચંદિર, આજથી હવે, વધતા પૂર્વ ભણી ભણી તમે;
ઉગશો જઇ પૂર્ણિમા દિને, કલકત્તા નગરે નિશાગમે.

હું વિજોગણુને મુકી અહીં, પતિ છે વર્ષ થયું વસ્યા તહીં;
જઈ આપ જરાક તેમને, મુજ સંદેશ સુણાવજો સખે.

ઉપડે નહિ જીભ આપ શું, અબળા લાજ થકી લજાઉં છું;
પણ દીર્ઘ વિજોગ દુઃખથી, મુકી મર્યાદ કંઈક કા'વું છું.

શિશિરે શિથિલા થયેલ તે, બહુ બાળી મધુ માસમાં સ્મરે;
ધરિ મેં બહુ ધીર ચંદ્રમા ! પણ તે રે' ન હવે શરત્સમે.

પરણ્યા પછી આણું આવતાં, સહવાસી પિઉની થઇ હતી;
રસના વરસ્યા હતા ખરા, વરસાદો પણ હું નવી સવી.

સમજી રસ ભાવના નહીં, સમજી ત્યાર પછી જુદી પડી;
મધુરૂં મધુરૂં ઉંડું ઉંડું, સ્મરતાં તે મનડું મુંઝાવતું.

બહુ વાર વિચાર લાવતું, ભડકે અંતરને પ્રજાળતું;
સખિઓ સુખ માણતી લહી, પુટકર્માં ફિટકાર આપતું.

ઠરતું ન પિએર સાસરે, ઘર કે બાહિર બાગ બંગલે;
વસને ન વિભૂષણે રિઝે, મન નાંખ્યું મદને મથી કશે ?

વસુ છું સુખ સાજમાં રૂડા, પણ આ શોષ થકી સીદાઉં છું;
શું હતું શું ગયું ન શું બન્યું, ક્યમ વ્હાલું અળખામણું થયું.

ન ગમું પરને હું કે મને, ન ગમે તે ન કળાય કો મિશે;
જન કે જણશે વશે કશે, ન કશે કેમ મને ગમે ન શે ?

ઉછળી તરસી રહ્યું રડયું, મન મારૂં ન કશાથી માનતું;
સમજે સમજાવ્યું ના કશે, ઉલટું આમ નિરાશ થૈ જતું.

ગુણથી વયથી સુજાતથી, કુળવંતા ઉજળા કુટુંબથી;
ધન ભાગ્ય ગણાય લોકથી, મુજ માબાપ જમાઇ મેળવી.

સમ જોડ ગુણે વયે કરી, અલબેલા વરને વરાયલી;
નિરખાઉ છુંએ હુંએ વળી, સખિઓની ઈરિષાળું આંખથી.

ધન છે સુખ છે શરીર છે, અમને વ્હાલાવરને સ્વરૈક્ય છે; +
અનુકૂળ બધુંય આમ છે, પણ એ એકલડા વિદેશ છે.

———×———

+મનનું એવું ઐક્ય કે એક બોલે એજ બીજાના મોંમાં હોય. જુનાં ગીતોમાંએ પતિપત્નીના આ સ્વરૈક્યનો ધ્વનિ છે. જુઓ:– "અમારા દિલમાં એતો તમારા મનમાં રાજ". મિલાપ.

પ્રિયાનું મૈઅેર.

—x—

ઉપજાતિ.

ઉઠો અહ્યાં થાય જુઓ ઉજેશ, આવે તમારો પિતર પ્રદેશ;
તાપી મુકી મેલ વધી અગાડી, જાગી જુઓ આંખડલી ઉઘાડી.

જુઓ કપોલારુણ મંગળ શ્રી, ઉષા પ્રભાતે ઉઠતાં સુગાત્રી;
પ્રસાદતો લોચન ચિત્ત કેવો, દેખાવ દેખો દયિતે મજેનો.

આવી અહીં આગળ આમ ઓરાં, જુઓ જરા જાસુદ પુષ્પ ગોરાં;
પ્રિયા જુઓ આ અહીંથી તમારૂં, શરૂ થતું મૈઅર રમ્ય ચારૂં.

ક્ષીરાબ્ધિને ફેન સમાન ધોળે, ફૂટે રૂને કાલરિએ કપાસે;
શિઆળું મોલે મલપી રહેલાં, ક્ષેત્રો જુઓ મૈઅર મોહ ઘેલાં.

ઉંચે લીલે શેલડીએ સુસાંઠે, ગાંઠે ફુટી પાનઠની કલાંઠે;
જુવારનાં ખેતરથી જુવંતિ ! સીમા જુઓ કાનવની હસંતી.

નાની રૂપાળી જળ હોડીઓની જેવાં ત્વરાથી તરતાં ખગોથી;
દ્વારે પુર્યાં મૌક્તિક મંડળો શી, બેઠી કિનારે બગ પંક્તિઓથી;
તારે ખિલ્યું વ્યોમ ન હોય તેવું, કળી રહેલાં કુમુદે ભરેલું;
લક્ષ્મીતણું દર્પણ હોય તેવું, સુગોળ રાકા શશિબિંબ જેવું;
સરોવર સ્વચ્છ સુકચ્છ કેવું, લાગે જુઓ લાડણુ એ મજેનું.

કાળી તણાં કીર્તનમાં ગવાતો, પર્તૈ તણાં પાતકથી પડેલો;
જુઓ પણે વાદળ શો જણાતો, પવિત્ર પાવાગઢ સુભ્રુ પેલો.

નણંદનો વિનોદ.

પદ,

ભાભલડી, વાત તમારી મેં જાણી,
    અજાણી રાખી રહી ન અજાણી;
ભાભલડી, વાત તમારી મેં જાણી.

    અંતરમાં ઉંડો ઉમળકો વહે છે,
જીજીનાં ઘરડાં લોચનીઆં હસે છે;
    'તારી ભાભીને છે' એમ કે' છે.
ભાભલડી, વાત તમારી મેં જાણી–
    સુહાગણ સાસુતણાં ધન રાણી,
ભાભલડી, વાત તમારી મેં જાણી.

    માનિતાં માનો ન માનો પરંતુ,
શરીર તો 'ચઢતા દિવસ છે' કહેતું;
    કહો ના ના, ન પણ તે મનાતું,
ભાભલડી, વાત તમારી મેં જાણી,
    અજાણી રાખી રહી ન અજાણી,
ભાભલડી, વાત તમારી મેં જાણી.

    અભાવા થાય ખવાતું ન ખાતાં,
ઉડી ગૈ લાલી પાંડુર મુખ થાતાં;

ભાગી ત્રિવલ્લી જાવ ભરાતાં,
ભાભલડી, વાત તમારી મેં જાણી,
મારા સમ ઘોની ખરે ખરૂં બોલી-
ભાભલડી, સાચું કહો દિલ ખોલી.

નકામી 'ના ના' નથી ચાલનારી,
નાની છું, શરમ શોભે નહિ મારી;
રાખલડી તો હુંજ છુંની બાંધનારી,
ભાભલડી, વાત તમારી મે જાણી-
સુહાગણ સાસુતણાં ધનરાણી,
ભાભલડી, વાત તમારી મેં જાણી. ૫

———x———

વિજોગણનાં વર્ષા-શરદ.

ધોળ.

(કુંકુ છાંટી કંકોતરી મોકલી-એ રાગ.)

સાંજે ચિત્ર વિચિત્ર વાદળવડે,
શુભ દર્શી તોરણીઆં બંધાય; ઘનાગમ આવીઓ.
જળ ભરી ભરી વાકુણી વાદળી,
ધીરી ધીરી આ પૂર્વમાં જાય— ઘનાગમ.
આછા આછા તડકલો ને છાંયડો,
ઘણા ઘામથી જગ ગભરાય— ઘનાગમ.

શૂરો આથમણો ને દક્ષિણુતણો,
વાવાઝોડાનો વાયરો વ્હાય— ઘનાગમ.
બાંધે બગલાં તોરણ મ્હેના માનમાં,
સામાં સારસ જાય આકાશ— ઘનાગમ.
ઉતર્યો ઉતર્યો કોકિલ મદ ઉતર્યો,
બોલે બોલે બપૈઆ ચોપાસ— ઘનાગમ.
સાપ વિંછી બાફે બા'ર નીકળે,
કીડીઓને ઊડન આવે પાંખ— ઘનાગમ.
બિસતંતુનું ભાથું રે બાંધીને,
રાજહંસો માનસ સર જાય— ઘનાગમ.
નાચે થનથન મયૂર કળા કરી,
ઉંચી ડોકે આમંત્રે સહર્ષ— ઘનાગમ.
ટીટોડી ને ચકોર ચિંતા ધરે,
ઉની ધૂળમાં ચકલીઓ ન્હાય— ઘનાગમ.
ચાંદા પાછળ બની જળકુંડલું,
આપે ખેડુતને મ્હેની આશ— ઘનાગમ.
ઘન ઘોર દિશાઓ બનાવીને,
ઉંડો ઉંડો મ્હે ગાજે આકાશ— ઘનાગમ.
કાળા પાણુમાં સોનાની રેખ શી,
વાંકી લીટીએ વિજળીઓ થાય— ઘનાગમ.
ભિન્ન વર્ણાકૃતિનાં વાદળ થકી,
જાણે નભમાં મંડળિયાં પુરાય— ઘનાગમ.

મોટે મોટે કાટકે ઘન ગાજતાં,
ભર્યા ભુવનમાં ધીર ન ધરાય— ઘનાગમ.
ચોમાસાની બીઆમણી રાતડી,
વિજોગણુ હું ગાળીશ કેઈ પેર—ઘનાગમ.
અખાત્રીજના વાયદા વીતીઆ,
નાવ્યા નાવ્યા નણંદીના વીર— ઘનાગમ.

———×———

ચોમાસાનો બ્હાર.

(એજ રાગ.)

લીલી હરિયાળીથી વન શોભતાં,
પામ્યા ખેડુત હરખ અપાર—ચોમાસુંએ ચાલીઉં.
જળ જળ થઈ જમીન રચીપચી,
લ્હેરે જાય સરોવર સાર— ચોમાસુંએ.
પડે ઝડીઓ ને વ્હાય જેમ વાયરો;
પાકે પાકે જાંબુડાંનાં ફાલ— ચોમાસુંએ.
ઘોડે ચઢતાને ગાનારી કોકિલા,
જઈ બેઠી જાંબુડાને ડાળ— ચોમાસુંએ.
આવ્યો મેઘને હરખ્યા મયૂર ઘણા,
ઢેલડીઓને તો ગર્વ ન માય— ચોમાસુંએ.
મ્હાલે હસ્તિની સાથે મતંગજો,
લેતા સુરભિ વનોમાં ચોપાસ— ચોમાસુંએ.

લીલી સાડી ધરીને ભૂભામિની,
સોહાગણનું કરે જાણે હાસ— ચોમાસુંએ.
ઇંદ્રગોપે ભર્યા રૂડાં શાદ્વલો,
જાણે વનમાં વણ્યા હોય ખંડ— ચોમાસુંએ.
ખીલ્યાં કલકલ કરસણ કોડીલાં,
ખડખડ હસે લોક અખંડ— ચોમાસુંએ.
વરસે સુપડે ને ટોપલે મેઊલો,
નીર નદીઓની માંહી ન માય— ચોમાસુંએ.
લીલી સેજ શામળ ઘટ ઝાડીમાં,
ઉડે આગીઆઓ ઠેરેઠેર— ચોમાસુંએ.
એતો શોભે ધરાને અંબોડલે,
જાણે ઝબકતાં હોય ઝવેર*— ચોમાસુંએ.
અદેખાંનો સરદાર સૂકાઈ ગયો,
જવાસો આ જોઇને લીલા લ્હેર— ચોમાસુંએ.

૫૬.

વ્હાલમે વ્હાલી વિદેશ વસાવ્યો; ટેક.

આ, આઠ માસનાં વ્હાણુલાં વ્હાયાં, (૨)
કાગળ તોય ન કકડો લખાયો—વ્હાલમે વ્હાલી.
વિજયાદશમીના વાયદા વીત્યા, (૨)
અશ્વિન માસે આ અરધો જવાયો—વ્હાલમે વ્હાલી.

* ગોવાગણોની જવાહીરની પીનો સાથે સરખાવો.

પંચશરે પીટે પળ પળ પીડી (૨)
એકેક દિન તે જુગ કરાવ્યો— વ્હાલમે વ્હાલી.
મનગમતાને દીધી માબાપે, (૨)
વિધિએ ત્યારે આ વિજોગ કરાવ્યો—વ્હાલમે વ્હાલી.
ખીલ્યાં કમળવન કમળાકરોમાં (૨)
હંસનો સાથ આ આવ્યો ગયેલો—વ્હાલમે વહાલી.
સસરાજીએ પત્ર પાઠવ્યા તોયે, (૨)
નાની નણંદનો વીર ન આવ્યો—વ્હાલમે વ્હાલી.

उपजाति.

પુનઃ પુનઃ પ્રેમ ધરી ધરીને,
વિલોકતાં નેત્ર ભરી ભરીને;
પ્રમોદ પામી પિઉ પત્ર પહોચ્યો,
બાવીસમી તારિખનો લખેલો.

ગોદાવરી દંડક દાવ દેશે,
પ્રમોદદા પંચવટી પ્રદેશે;
જ્યાં જાનકી શું વસતા વિનોદે,
તે તે સ્થળો શોક હવે કરાવે.
ઉદાર પૈસા હીન છે બિચારા,
ધની નથી સાંભળતા નઠારા;
સત્તાધિકારી સઉ દંડનારા,
તો ક્યાં રડે દુઃખ દુખી બિચારા ?

ઉપજાતિ.

મુક્તા મણી રત્ન વિભૂષણોના,
નવાં નવાં ચીવર ચોળીઓના;
ખાવા પિવાના રમવા સુવાના,
શુદ્ધાંતમાં હિંચકડે ઝુલ્યાના;
પ્રફુલ્લ પુષ્પાભરણો સજ્યાના,
ક્રીડા વનોમાં કરવા જવાના;
સમાનસુ સોગટડે રમ્યાના,
સરોવરોમાં જળ ઝીલવાના;
વડીલનાં વ્હાલ વધારનારા,
ભલાં ભલાં ગીત ગવાડવાના;
બની ઠણી બાજઠડે ચઢ્યાના,
હિયેરજી દોહદ દોહૃદાના.

——x——

વસંતતિલકા.

જે ચંદ્ર શા વદનમાં રતિ પામનારાં,
જે હાર નિર્ઝરતણા તટ સેવનારાં;
આપીન ઉન્નત ઉરોજ રૂપે વરોરુ,
તે આ રહ્યાં હૃદય પાસ ચકોર ચારુ.

શિખરિણી.

અલંકારે યુક્તા, વિધ વિધ વિલાસે રિઝવતી,
મહે માતી મીઠા સ્વરથી સુખદાતા રસવતી;

પદ ન્યાસે ચોરે, ચતુર નરનાં જે હૃદયને,
કવિતા ને કાંતા પ્રિય નહિ હશે કોણ જનને.

સુની શય્યા મારી, રમણ વિણ સુનાં ભવન છે,
નિશે નાવે નિદ્રા, રુદન કરી રાતાં નયન છે;
ગળે ગાત્રો તાપે તપી તપી ન અન્નોદક ગમે,
કરૂં શું હા બેની, નિશ દિન પિટચો મન્મથ દમે.

ઉપજાતિ.

સૌભાગ્ય દેશે કવ ભાભિ આ તે,
સિંચી ઉછેર્યા કુસુમ દ્રુમો જે;
શોભા થશે અદ્‌ભુત સર્વે જ્યારે,
દીએરજી દક્ષિણ વાયુ વાશે;
નિશા ઘટીને દિન દીર્ઘ થાશે,
વૃક્ષો નવાં પલ્લવથી સુહાશે;
વળી વધુઓ ચઢશે વિલાસે,
દીએરજી દક્ષિણ વાયુ વાશે;
વનો વિલાસાર્હ થશે રસાળે,
વળી સ્વરો કોકિલના સુણાશે;
ત્યારે વિયોગે રહ્યું કેમ જાશે,
દીએરજી દક્ષિણ વાયુ વાશે.

કુસુમવિચિત્રા.

મયુર બપૈયા કૃષિવલ આદિ,
જન જીવ સૌને હરખ પમાડી;
વસુમતી લ્હાવા લઈ રહી ભાળી,
જલદ વિરામ્યો જીવન સમર્પી;

વસંતતિલકા.

શોભે નવાં કિસલયે જન વૃક્ષ લીલાં,
બાગે સુવાસિત રૂડાં બહુ પુષ્પ ખીલ્યાં;
તાપે તપી પવન વ્હાય અતિ લુવાળો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.
આંબા ઝુલે નવી નવી લઘુ કેરીઓથી,
પાંથિકને દમતી કોકિલ સુ સ્વરોથી;
ફાલ્યો પુલ્યો ઘટ અશોક દિસે રૂપાળો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.
સૂકાં સરોવર થયાં જળનાં ભરેલાં,
છે શૂન્ય પક્ષિથી હતાં પ્રથમે વસેલાં;
સાંજે વહે પવન મંદ સુવાસ વાળો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.
તાપે તપી વિકલતા પશુ પંખી પામે,
દોડી ઉડી તરુની છાય વિષે વિરામે;
પૃથ્વી તપ્યે નિકળતી અતિઉષ્ણ જવાળો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.

કૈં સારસો વદી જળાશય સૂચવે છે,
કૈં હસ્તિનાં જુથ ઉભાં તરૂ છાયમાં છે;
કો ઠામ દાત્યુહ વદે જળ આશવાળો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.

કૈં અદ્રિપાદ મહી ઝર્ણ ઝીણું ઝરે છે,
વાંકાં ચુકાં તરુની કુંજ વિષે વહે છે;
વાત્સલ્યઘેલી બગલી રહી બાંધી માળો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.

કૈં પંખી ગાય તરૂમાં મૃદુ દીર્ઘ રાગે,
પુષ્પંધયો મધુ પિતાં નવ તૃપ્તિ પામે;
વ્હે કુંદને હલવી વાયુ સુવાસવાળો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.

મધ્યાહ્ન થઈ સુરજ પશ્ચિમમાં નમેછે,
ઢાળો કરી સરવ પાંથિક પંથ લે છે;
ઝાઝો ગમે જળ પ્રદેશ સુછાયવાળો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.

દાડે પડે ગરમી રાતલડી વિલાસી,
સુવું ગમે કુસુમ સેજ કરી અગાશી;
સાંજે ગમે સુખદ સાગરનો કિનારો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.
સુખીજનો સરવ સાંજ અને સવારે,
જોડાવી જાય રથ સાગરને કિનારે;

ચંદ્રોદયે જળનિધી ઉછળે ઉમંગ્યો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.

નીચે લચી પડતી પુષ્પની પાંદડીઓ,
ઉંડી જતી ગઇ તપીતપી વાવડીઓ;
થાકી હુંએ લખી લખી પિયુને લખાણો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.

સંયોગીને પણ ગમે નહિ તો ગમે શે,
આ ગ્રીષ્મના દિવસ દીર્ઘ વિયોગીઓને;
ગોઠ ન સૈયર સમાગમ મેડીમાળો,
આવ્યા ન વલ્લભ અલિ ઉતરે ઉનાળો.

વૈતાલીય.

અતિ મુક્ત લતા રસાળને,
મળી કંકેલી કદંબ વૃક્ષને;
મળી માલતી અંધરાજને,
પણ ના હાય મળી હું કંથને.

ગીતિ.

સમીરે સહજ ઉરાડ્યો, પાલવ તારાં ઉરોજ ઉપરનો;
ભરી સભામાં નિર્લજ, લેવાયો હું રહ્યો નિરખી સ્મરનો.

વસંતતિલકા.

તારો સમાગમ સદા મનને ગમે છે,
તારી છબી નિરખવા નયનો ચહે છે;
તારાં વિલાસ વચનો શ્રવણે રમે છે,

તો હે મનોહર પ્રિયા કયમ દુઃખ દે છે.
સૂતી ઉઠી મદન વિહ્વલ લાલસાંગી,
ફૂલ્લારવિંદ નયના મદની ભરેલી;
હા પ્રાણ હા કનક ચંપક ગાત્ર ગોરિ,
સ્વપ્નેવય દે નહિ સમાગમ થૈ નમેરી.

શિખરિણી.

પ્રમોદે પ્રેમાંધ, બનિ ઉપવને જ્યાં વિહરતાં,
વળી અંતર્મોદે રસિલિ મધુરી વાત વદતાં;
પુરી ઉત્કંઠાથી, પ્રણયિની મને મગ્ન કરતી,
વિલાસી ઓ વાલી, નથી નથી મને તું વિસરતી.
+અરે ના આ મારો, પ્રિયતમ મુકો હાર તુટશે,
મુકોની અંબોડો, થયું થયું થયું વેણિ છુટશે;
અધીરા ધીરા રો' ગુરુજન નીચે સૌ સમજશે,
હવે ઘો ઘો જાવા ઉપર જન કો આવી ચઢશે.
તમારી પાસે આ વરતનુ યુવાથી મદભરી,
ઉભી છે ભેટીને કિતવ કયમ કો શું પ્રીત કરી?
અરે તખ્તામાં આ સુતનુ પ્રતિમા તારી પડી છે,
હલેતી કોએ એ, નથી નથી પ્રિયા પ્રાણ તુજ છે.

ઉપજાતિ.

રહી અહીઆં પ્રીત મ્હો વધારી, મૈએર જૈ તે સઘળી વિસારી;
પ્હેલાં મને સ્નેહ સુધા ચખાડી, ખુશી થયાં કેમ વિજોગ પાડી.

+ અરે! ઓ! આઘા રો.'

સીતાજીના મહિનાનો રાગ.

લેઉ જોગી થઈ તારો પંથ, સંસાર આ પરહરૂં,
 પ્રભુ આપે જો પંખીનો દેહ, તારી સાથે સંચરૂં.
વ્હાલી દીઠો નથી મેં વિજોગ, પડી પ્રેમ સંગમાં,
 કેમ થઇને નમેરી આ નાર, વશી તું વિદેશમાં.
હોંશે હોંશે આવી વ્હેલો ઘેર, ભામિની તને ભેટતો,
 તારા તારૂણ્યનો સુધાસાર, હોંશે હોંશે ચાખતો.
તારો પ્રેમ ઉછાળો આ પ્રાણ! ભુલાવ્યો ન ભૂલતો,
 જ્ઞાન કોટીઓનું ના રે' ભાન, ન ભાન શું વાંચતો.
ગોરિ ઘેલો કરી ગઈ કેમ, આણે પ્હેલે આવતાં,
 કયે ચટકે ચોર્યું તેં મારૂં ચિત્ત, તે આવે ન બુદ્ધિમાં,

વસંતતિલકા.

આ ચિત્ત તું વિહીન વ્યગ્ર સદાય રે' છે,
 તારાં વિલાસન ઘડી ઘડી સાંભરે છે;
તારાં સુમિષ્ટ વચનો હજી યાદમાં છે,
 તો હે મનોહર પ્રિયા કયમ દુઃખ દે છે.
આસંગથી લુલિત આર્દ્ર શરીર યષ્ટિ,
 મારા નતભ્રુ લઈ અંક વિષે તમારી;
આદોલને વિહરતો તમને રિઝાવા,
 તે વાર હા વિસરતા નથી લોલનેત્રા.
ગોઠે નહિ લગીર ઘેર ન બ્હાર કામે,
 બાળ્યું સ્મરે મન ન કો રીત શાંતિ પામે;
ચંદા અહર્નિશ તને રસના રટે છે,
 તારો વિયોગ સલુણી બહુ દુઃખ દે છે.

(મા કોયલ બપૈયા બોલે એ રાગ.)

હા ! નાથ નમેરો નાવ્યો, અલિ નાથ નમેરો નાવ્યો,
વાર ત્હેવાર દિવાળી ગઇ પણ, નાથ નમેરો નાવ્યો. હા!
વાયદો માસનો વળવાને કરી ગયો,
આ વર્ષ વીતે પણ નાવ્યો. અલિ ! નાથ૦
એક નિશદિન મનસિજ દમે છે–તેમાં,
દયન શીઆળો આવ્યો. હા ! નાથ નમેરો૦
પત્રતણા ઉત્તર નવ વાળે, એનું મન મુજથી
ન કળાએ, અલિ નાથ નમેરો નાવ્યો શે નાથ૰
ગામના મિત્ર સઉ ઘર આવ્યા, નગણે
સંદેશ સરિખો ન કાવ્યો, હા ! નાથ નમેરો૦

ઉપજાતિ.

જાગે જનો આ દીપકો બળે છે, સખીજનો કૌતુકડું જુએ છે;
ચશું ન જુદાં ઘડી ધીર રાખે, ખાધે ન બે હાથથી ભૂખ ભાગે.

મનહરછંદ.

વિચર્યા વિદેશ દેશ વળવા વ્હેલેરા વદી,
વ્હાલમજી વીતિ ગયું વર્ષ ન આવિયા;
પત્રના ન પત્યુત્તરો પાઠવ્યા પવિત્ર તમ,
મિત્ર અત્ર આવીઆ ન સંદેશ શું કાવિયા;
શ્રાવણનાં પર્વ પરે દસરા દીવાળી પરે,
વાટ જોતાં હોળી આવી પ્રાણ ન પધારિયા;
કળથી કલાવીને કલત્રને જે કોલ આપ્યા,
વાહ ! મારા કંથજી એ કોલ કેવા પાળિયા !

દોધક.

પૃથ્વી પરે પટકાવી ઉછાળી, ઝીલે દડો ન ચૂકે ગીત તાળી;
 કુંદક કેલી વિવિધ કરંતી, શી અલબેલી અવંતિ રમંતી.
આ નવ પલ્લવને ફુલવાળી, ભૃંગ થકી વળી સેવાતી સારી;
 જંબુલતાથી રહેલી છવાઈ, કુબ્જ નિકુંજ અતિ સુખદાઈ.
લીલી લીલોતરી ખાલી રહી છે, મોરવડે ફુલ ડાળી નમી છે;
 પત્ર ઘટા ઘુંઘટા રૂપ થૈ છે, વાડી શી નારી વસંત ખીલી છે.

રથોદ્ધતા.

પૂછતાં ન પ્રતિશબ્દ ઉચરે, ઝાલતાં વસન ખેંચી સંચરે;
તે તથાપિ રતિ સારૂ શંભુની, સેવલી શયન પાસુ ફેરવી.

શાર્દૂલવિક્રીડિત.

વ્હાતાં વાયુ કદંબ વાસ વિખરે, નાચે મયૂરો ઘણા,
કાળા નીર ભરેલ મેઘ નભમાં, ભારે કરે ગર્જના;
કાંતા કાંતતણે વિયોગ વિધુરી, શુદ્ધાંતમાં એકલી,
જોતાં કેમ તને દયા ન ઉપજે, વામા છતાં વીજળી?

ઉપજાતિ.

પ્રાણેશ મારી વિનતિ વિચારો, ઝાઝા ન ત્યાં વાસર વીતવા દ્યો;
વિયોગિને દુઃખજ દુઃખ દુઃખ, સંતાપ દે જ્યાં શશિનાંમયૂખ.
ધીરે ધીરે કાનનનાં દ્રુમોની, છાયા વિષે એ સતી ચાલતીતી,
ક્ષણે ક્ષણે તોય નિવારતીતી, તનૂત્તરીએ શશિનાં મરીચી.

(સીતાજીના મહિનાનો રાગ.)

ન્હાયા દક્ષિણ વાયુ આવાર, આંખે મ્હોર આવિયા,
ગાય પંચમ કલ કોકિલાઓ, કુસુમ ફાલ ફાલિયા.
ઘટાદાર થયાં સઉ ઝાડ, અશોક ને આંબલો;
આવી હોળી પરંતુ ઓ બેન, નાવ્યો રે મારો નાવલો.
વનમાં ઉડે લતાના પરાગ, અબિલ ઉડે ધામમાં,
લતા ગૃહમાં ઉડે મધુવાર, કેસુડી ઉડે ગામમાં.
રંગે ક્યારા લતાના પરાગ, દેવર રંગે ભાભીઓ,
મનવે કોકિલાને નર પિક, નાવલીઆ સ્વનારીઓ.

સામાન્ય નીતિનાં કાવ્યો.

પંડિતલક્ષણ.

અનુષ્ટુપ.

દેહ જન્ય છ શત્રુઓ, જેને છે વશ સર્વદા;
ઇંદ્રિયો વશ આત્માને, તેજ પંડિત જાણવા. ૧
પ્રસંગે ધીર ને શાંત, પ્રસંગેજ ઉતાવળા;
સાહસિક ન જે હોય, તેજ પંડિત જાણવા. ૨

ગ્રહી લૈ બોલ બોલાતા, શબ્દે શબ્દ વિચારતા;
પુછ્યા વિણુ ન બોલે જે, તેજ પંડિત જાણવા. ૩
પ્રતિભાવાન વાચાળ, જાણુ ઝાઝા વૃતાંતના;
જે વ્યાખ્યાન કરે શીઘ્ર, તેજ પંડિત જાણવા; ૪
દુઃખ માને ન હુંકારે, સન્માને ન ખુશી થતા;
લોકથી ક્ષોભ ના પામે, તેજ પંડિત જાણવા. ૫
આરંભે શક્ય જાણીને, આરંભેલું ન છોડતા;
ધૈર્યથી જે કરે કામ, તેજ પંડિત જાણવા. ૬
અપ્રાપ્તની ન ઇચ્છા ને, ગયેલાને ન શોચતા;
આપત્તિમાં ન મુંઝાએ, તેજ પંડિત જાણવા. ૭
બુદ્ધિને વશ શાસ્ત્રો ને, બુદ્ધિ શાસ્ત્રાનુસારિણી;
જાણો પંડિત તેને જે, મર્યાદાને મુકે નહિ. ૮
શક્તિ જોઈ કરે કામ, કોને ન અવમાનતા;
સર્વથી મળીને ચાલે, તેજ પંડિત જાણવા. ૯
વ્યવહારી મતિ જેની, ધર્મ ને અર્થ સંગ્રહે;
કામથીએ રળે અર્થ, જાણવો બુદ્ધિમાન તે. ૧૦
સુખ દુઃખ ભય પ્રેમ, સમૃદ્ધિ પડતી દશા;
એથી જે ન ચળે કિંચિત્ તેજ પંડિત જાણવા. ૧૧
કરેલા મંત્ર ને જેની, ધારેલી મન કામના;
ખ્યાત થાએ પરિણામે, તેજ પંડિત જાણવા. ૧૨
ક્રોધ લજ્જા અહંકાર, હર્ષ ગર્વ અનમ્રતા,
એથી જે ભ્રષ્ટ ના થાએ, તેજ પંડિત જાણવા. ૧૩

મૂર્ખલક્ષણ.

જાણે ન શાસ્ત્ર ને રાખે, ગર્વ પાંડિત્યનો સદા;
ધન હિણુ છતાં દાની, થાય તે મૂર્ખ જાણવા. ૧
શૌર્ય વિણુ ધરે શસ્ત્ર, પોતાની ફુલ હાંકતા;
ધબાકે ધ્રુજનારાએ, પોતાને શૂર માનતા. ૨
કપટે કે પછી રાખે, જુગટે ધન ઇષણા;
પરિણામે પડે પાછા, તે સર્વે મૂર્ખ જાણવા. ૩
પોતાનું કાર્ય મૂકીને, પારકાની પુંઠે પડે;
બગાડે મૂર્ખ બન્નેનું, લોકોમાં ચકબે ચઢે. ૪
પ્રવૃત્તિમાં પડયો રે'ને, બેસે ના ઘરમાં ઘડી;
બાયડીનું રળ્યું ખાય, તેય મૂર્ખ શિરોમણી. ૫
માયાળુને તજીને જે, અપ્રેમીજનને ભજે;
બળીઆસુ ભીડે બાથ, તેને મૂર્ખ સહુ કહે. ૬
શત્રુ સાથે કરે મૈત્રી, કરે મિત્રસુ શત્રુતા;
અયોગ્ય કાર્યના કર્ત્તા, તે સર્વે મૂર્ખ જાણવા. ૭
સ્વકાર્ય દાસને સોંપી, શંકાશીલ રહે સદા;
અવશ્ય કાર્યમાં મંદ, રે'નારા મૂર્ખ જાણવા. ૮
સાચો ધર્મ ન માને ને, આળ પંપાળને ભજે;
હિતૈષી હોય ના મિત્ર, જેને તે મૂર્ખ માનવા. ૯
બોલાવ્યા વિણુ આવે ને, બોલે ઝાઝું પુછયા વિના;
વિશ્વાસે રે' અવિશ્વાસુ–કેરા તે મૂર્ખ જાણવા. ૧૦
પોતાના દોષ ના દેખે, નિંદા બીજાતણી કરે;
નબળા ને કરે ક્રોધ, તેને મૂર્ખ સહુ કહે. ૧૧

શિક્ષાને યોગ્ય ના હોય, તેને શિક્ષા કરે ઘણી;
અલભ્ય વસ્તુને ઈચ્છે, તેય મૂર્ખ શિરોમણી. ૧૨
કરે સેવકસુ મંત્ર, વેશ્યાને વશ થૈ રહે;
જાણવો મૂર્ખ તેને જે, જાણે ન થાય શું પુંઠે. ૧૩
આત્મશ્લાઘી તથા દંભી, કામી મદ્યપ આંધળા,
લોભી અંકારીને મીઠા, એ સર્વે મૂર્ખ જાણવા. ૧૪

બુદ્ધિમાન જ બળવાન.

ધનુર્ધારી મહાબાહૂ, અને કોઢ્યાવધિ પત્તિ;
તે સર્વેનો મણી માનો, બુદ્ધિમાનજ ભૂપતિ. ૧
ધનુર્ધારીતણું બાણ, પ્રાણ લે એક પ્રાણીનો;
ઉંધી વાળે ધરા આખી બુદ્ધિમાનની યુક્તિ તો. ૨

પેટ ભરવામાં શું પરાક્રમ?

પંડને પોષવો એમાં, મોટું શું કામ છે કહો?
બિલાડાં કૂતરાં જેવાં, ભરે છે પેટ પ્રાણીઓ.
પોષ્ય વર્ગ વિસારીને, પોતાનું પેટ જે ભરે;
ઝ્હેરી ઓઢી ફરે પોતે, તેને ક્રૂર ન કોણ કે'?

કોણ નથી ઉંઘતા?

ખળીના વેરી ને ચોર, દેવાદાર લૂંટાયલા;
મહારોગી તથા કામી, નિરાંતે નથી ઊંઘતા.
આરસી રાજગાદી ને, ગોરી રૂપવતી તથા;
પ્રેક્ષ્ય આલોક ઈત્યાદિ, અંધને નથી કામના.

—×—

સામાન્ય સત્યો.

દોહરા.

પળાય હિતકર અન્યને, થાય અહિતકર નાશ;
મરાય ઘરના ઉંદરો, પરની બિલ્લી પાસ.
સમય વગરનું માગવું, કદી સફળના થાય;
સુરતકાળે સુતને, દે નવ ધાવણુ માય.
લોકાચારથી ઉલટું, સાચું ખોટું ગણાય;
મા કહેવાય પરંતુ ના, બાપની વહુ કે'વાય?
ગુપ્ત ભેદ ચાસન છતાં, સદાય ગુપ્ત રખાય;
સમજે મન સંસાર સૌ, પણ નાગું ન ફરાય.
ચઢતી દેખી કોઈની, દ્વેષી મન બળનાર;
વણુ અગ્નિ સળગી ઉઠે, ઝમકારે જયમ જાર.
રણુકારો રૂપા તણો, ખેંચે ચિત્ત ખચીત;
કંકણુ રવ કામીતણાં ખેંચી લે જયમ ચિત્ત.

કરીએ તેવું પામીએ, બી સમ ફળ ફળનાર;
કુવેચના થાય કાતરા, કેળે કેળુ સાર.
રૂપે મોહ્યો રાંડના, અંતે પામે નાશ;
પતંગ આગે પરજળે, પડતાં જોઇ પ્રકાશ.
ભેગા કરતાં વેરીને, ત્રીજો થાય ખરાબ;
સાકર લૂણ પય ભેળવ્યે, થાય ન ક્ષીર કે રાબ.
એક એકના દ્વેષીના, સંગમમાં નહિ સાર;
સાકરને લૂણ નાંખતાં, બગડે પય નિરધાર.
ભિન્ન ગુણનાં માનવી, કદીએ એક ન થાય;
મળે ન પાણી તેલમાં, કરીએ કોટી ઉપાય.
અશકય ગુણીને શકય છે, સંપ શત્રુમાં થાય;
તેલ પાણીને મેળવે, ખારો ક્ષણની માંય.

અનુષ્ટુપ.

સત્યવાદી ખરા બોલા, ઉપકારી ઉદાર ને;
થોડાબોલા બહુવાદી, થવું ના શરમાળને.
મર્મજ્ઞ મર્મના ગોપ્તા, સ્વાર્થજ્ઞ પરઘાતને;
આત્મશ્લાઘી પરશ્લાઘી, થવું નિશ્ચે સ્વોદયે.
આપથી દુઃખીઆરાંના, દૃષ્ટાંતે મન વાળવું;
શ્રેષ્ટ છે એજ સર્વેથી, જ્ઞાને દુઃખ દબાવવું.
કૌશલ્ય ધૈર્યને બુદ્ધિ, નિર્ભયત્વ દૃઢાત્મતા;

ઉત્સાહ પ્રિયવાદીત્વ, મૈત્રી ને કાર્યદક્ષતા.
શીલ કૃતજ્ઞતા સત્ય, પ્રતાપોદાર્ય્ય શાંતતા;
જિતેદ્રિયત્વ આદિ છે, ગુણો સંપત્તિદા સદા.
સારી વસ્તુતણા સંગે, ખોટુંએ વંદ્ય થાય છે;
ખાળનું પાણી ગંગામાં, જાતાં દેવે પિવાય છે.
પાટીરવનનાં કાષ્ટ, પાટીરવત્ ગણાય છે;
નીચ સજ્જન સંગાથે, સજ્જનોમાં પુજાય છે.
ચઢે છે પુલની સાથે, કીડો ભૂપાળ મસ્તકે;
પાણો દેવત્વ પામે છે, સ્થાપવાથી મહાજને.
તેજસ્વી જનના સંગે, ક્ષુદ્ર તેજસ્વી થાય છે;
સૂર્યના સંગથી જેમ, કાચે વસ્તુ દહાય છે.

દોહરા.

ગણુસારે ચાબુક તણે, તેજી ચાલ્યો જાય;
એ મારો બાવીસ વા, ખરના ગતિએ જાય.
આંખે માગે માગને, સમજુ ચતુર સુજાણ;
ધોયકણે ધોતાંય ના, સમજે નર હેવાન.
ભુંડાની સોબત મહી, સારા માર્યા જાય;
સૂકાં ડાળાંપર ચઢી, લતા દવે બળી જાય.
નીચાને ત્યાં જઈ રહ્યો, મોટો ખાયે માર;
લોઢે પેઠા અગ્નિને, ટીપે જેમ લુહાર.

દોહરા.

વિનય વાક્ય સૌજન્ય ને ન્યાય વિવેક વિચાર;
ત્યાગ, તોષ વૈરાગ્ય ને, શત્રુનોય સ્વીકાર.
સંયમ સદ્વર્તન અને, ગૃહાચાર વ્યવહાર;
પતિવ્રત પત્નીવ્રત અને, પરહિત પરઉપકાર.
ક્ષમા, દયા, ઔદાર્ય ને, શ્રદ્ધા ભક્તિ સુકૃત્ય,
જુઓ આપણા ધર્મમાં, કેવાં છે સઉ સત્ય.
માણુસના જીવનતણું, પરમ શ્રેય છે ધર્મ;
માટે બાળક ધાર તું, દ્રઢતાથી તુજ ધર્મ.
પામે પાત્ર વિશેષથી, વિદ્યા અધિક વિકાશ;
મણિમંદિર દીપક ધર્યો, દે જયમ અધિક ઉજાશ.
જેને જેની ચાહના, તેને ન મળે તેહ;
ખોટા આ સંસારનો, ખરો અર્થ છે એહ.
પીજો સોમલ પ્રેમથી, પીશો ન પરનો પ્રેમ;
મરવું ભલું ન રીબવું, કરવત કાપે જેમ.
ખળને શીદ ભજો ભલા, શીદ સહો હુંકાર;
ચાવણું તમને આપશે, દંતતણો દેનાર.
રળ્યું તમારૂં નહિ રહે, સંઘર્યું જાશે સર્વ;
કરતા કારવતા તણો, મિથ્યા મૂકો ગર્વ.

અનુષ્ટુપ.

કલ્લોલ કરતાં દેખી; મુખ સન્મુખ છોકરાં;
હસે છે નયનો મારાં, વાત્સલ્ય સ્નેહનાં ભર્યાં.

આભને થોભ દે એવા, પડે છે ધ્હાડ તો પછી;
પાણીના પરપોટા શા, દેહની મમતા કશી?
ડરવું નહિ લોકોથી, કર્ત્તાએ કાર્યના કદા;
ઈચ્છાનુસાર બોલે છે, લોક તો ફાવતું સદા.
પ્રારંભે હસનારાઓ, જયાંતે જશ ગાય છે;
સૌભાગ્યે સારૂ કે'નારા, દુર્ભાગ્યે શત્રુ થાય છે.
વિચિત્ર ચિત્ર છે આ તો, સંસાર વિશ્વકર્મનું;
મનુષ્ય મનને જેના, જ્ઞાન છે નહિ મર્મનું.

મનહર છંદ.

ગુણે ગુણ રૂપે રૂપ મળતાં ન હોય ત્યારે,
સહજ સંગમે પણ દ્વેષ વધી જાય છે;
જુઓ આ સંસારમાંહી જડ દ્રવ્યતણો દ્વેષ,
સોડા ને એસીડ મળ્યે ઉભરાઈ જાય છે;
વિબુધને દેખી મન મૂરખને દ્વેષ આવે,
પતિવ્રતા નાર જોઈ પુંસલી ચીડાય છે;
સમજો સજ્જન સાર સકળ સંસારનો આ,
પોતાના સ્વભાવને ન મળે તે હિણાય છે.

શાર્દૂલવિક્રીડિત.

કન્યા આ કલધૌત કોમલ રુચિ કીર્ત્તિ બીજી પામવા,
આવ્યા છે સઘળા અહીં નૃપતિઓ સદ્વીપ પૃથ્વીતણા;
ના ભાગ્યું ન ચઢયું નમ્યું ન ઉપડયું કોદંડ આ શંભુનું,
તો નિર્વીર્ય થયું શું ભૂતળ બધું કે કોથી કૈં ના બન્યું!

દેવ શ્રી રઘુનાથ શું કહું બહુ છું દાસ હું આપનો,
મેર્વાદિ ગિરિને ગણું ન ધનુનો તો ભાર શો જીર્ણનો;
સાંખી કેમ શકાય 'આ વચન તે' આજ્ઞા કરો એટલે,
લીલા માત્ર મહી ચઢાવું નમવું ભાગી કરૂં ભાગ બે.

—x—

પ્રકીર્ણ પદ્યો.

—x—

સપ્તપદીનું ગીત.

(ભમરા પહેલો વધાવો મારે આવીઓ, એ રાગ.)

સજની! સપ્તપદીનો સાર સાંભળો,
જેમાં વર કન્યા આપે લે વચનરે;
સુહાગણ સજની, સપ્તપદીનો સાર સાંભળો.

કર પકડી કન્યાનો ફરતાં ફેરલા,
પહેલે પગલે વરરાજા કે'છે આમ રે,
સુહાગણ સજની, સપ્તપદીનો સાર સાંભળો.

કરવા ધર્માર્થ કામ મોક્ષ સાધવા,
મારી સાથે જોડાઓ જુવતી આજરે,
સુહાગણ સજની, સપ્તપદીનો સાર સાંભળો.

વરને અનુસરતી કન્યા વળતી ઉચ્ચરે,
ભર્ત્તા ભોગાયતન આ તમને ભેટરે,
સુંદરવર સાક્ષી, સૂર્ય અગ્નિ ને સાજન આ બધું.

છબીલા છાયાની પેરે હું આપની,
પગલે તમતણે પગલાં ભરીશરે,
સુંદરવર સાક્ષી, સૂર્ય અગ્નિ ને સાજન આ બધું.

મને મન ને તને વન તમતણે,
પ્રાણે પ્રાણ જોડાઉં પ્રાણાધારરે,
સુંદરવર સાક્ષી, સૂર્ય અગ્નિ ને સાજન આ બધું.

પૌત્રાભિલાષી પ્રૌઢાનો ભાવ.

(ત્રિતાળની ચોપાઇ.)

આજે ન્હાણે સુપન મહીં જાણે, તેડયાં વઉવર જીઆણાને આણે;
બેન ભાણેજ દીકરી જમાઇ, પહેલાં નોતરીઆં ઘેર ચાઇ. ૧

પછી મોકલી મારી સુમનને, એની ભાભીને આણું દેવાને;
વડસાસુવારાનું શુકનીઉં, પૂછી ઘરડાંને માંડયું ઘોડલીઉં. ૨

તેડી ભતરીજાને અતિ વ્હાલે, આગળ નણંદ ઉતાવળી ચાલે;
ધીરૂ ધીરૂ મધુરૂ સવીડે, ભાભી હાથિણી શી પુંઠે હીંડે.

આમ નણંદ ભોજાઇને જોઇ, ઘરડાં પોળતણાં કોઈ કોઇ;
કહે 'ઉભી રહે' ધરી આડ, તારો ભતરીજો અમને દેખાડ. ૪

સીતકારી જોઈ દુવા દેતાં, ઘરડો ડોસો થજે કરી કે'તાં;
કહે વઉ સામું જોઇને ચાઇ, જોને સુમન નર્યો તારો ભાઇ;
હું તો સોસો મોંડે જાણે હરખું, મારે આ તે શું સોના સરખું. ૫

નિઃસ્નેહનો બળાપો.

(સીતાજીના મહીનાનો રાગ.)

બળી વાડી ને બંગલો બેશ, ન લેશ મને ગમે;
 બળ્યાં કોચ પલંગ ને પાટ, ન ખાટ રૂચે મને.
ભલી જાત્રલીકેરી ચટાઇ, ભલાં ભોંય ગાદલાં;
 ભલી કોટડી માળાની માંય, હુઇએ રસ મ્હાલતાં.
બળ્યાં હેમ હીરાનાં હજાર, ઘરેણાં શા કામનાં;
 બળ્યાં નવરંગ ચુંદડી ચીર, હસ્યાં નહિ નેણમાં.
ભલી બનતા વશેકની એક, બંગડી હોય હાથમાં;
 ભલુ છાંયલ દંપતી સ્નેહ, ઉછાળે જે આંખમાં.
બળ્યાં ઉતરતી પોળી ને ખીર, ભોજન મન ભાવતાં;
 બળ્યાં તાતાં સુવાસિક પાન, બીડાં બેઠાં ચાવવાં.
ભલી હાથની રાંધી રસોઈ, જમીએ બેશી જોડલે;
 ભલો કકડો સોપારીનો એક, મુખે મુખ વ્હેંચીએ.

હરિગીતછંદ.

[1]હેષારવે હાંસાતુશી કરીને છલંગો મારતા,
[2]ક્ષુભિતાબ્ધિના તરંગશા પુરપાટ ઘોડા આવતા;
[3]અશનિ સહિત આષાઢના ઘનથી ગગન જ્યમ છાય છે,
[4]કરદત્ત તોમર કરીવડે રણની સીમા ઘેરાય છે.

ઇન્દ્રવિજયછંદ.

વલ્કલનો કશી કચ્છ ગુણે કરી સજ્જ શરાસન ને શરભાથે,
આવી ઉભેલ જુઓ રણ સન્મુખ વાનર રીંછતણા બળ[5]સાથે;
બાલ્ય[6] ગયું મુખ ઉપરથી નથી મુગ્ધ મનોહર આંખ હિસે છે,
મુંછ નથી મુખ ઉપર તો પણ લક્ષ્મણ શો રણધીર દિસે છે.[7]

હિન્દની દેવીનો શોક.

ઉપજાતિ.

સંભારતાં એ મનને હસાવે,
એવો ગયો કાળ ન હોય આવે?

---

૧. ખોંખારાઓથી. ૨ ઉધલેલા-પુરી ભરતીના જોરવાળા સમુદ્રના. ૩ વીજળી. ૪ જેમની શુંઢોમાં, (સામે આવતા શત્રુની ઉપર પ્રહાર કરવાને) તોમર અપાયલાં છે એવા હાથીઓથી. ૫ સૈન્ય. ૬ નાનપણ. ૭ આ છંદો 'સીતાહરણ' અંક ૬ ના છે.

કયાં એ સુખો વૈભવ ને વિલાસો,
કયાં એ સમાના જન ને નિવાસો.

શિલા ઉશીકું લઇને સુનારા,
વીણે કણે પોષણ પામનારા;
પ્રજાતણું શ્રેય વિચિંતનારા,
કયાં છે હવે તે મુનિ સંત મારા ?

ભણી ભણાવી ભવ ગાળનારા,
નવાં નવાં શાસ્ત્ર વિચારનારા;
લક્ષ્મીતણું લક્ષ ન રાખનારા,
તે કયાં ગયા બ્રાહ્મણ પૂજ્ય મારા ?

ગૌ વિપ્ર સૌ નિર્બળ રક્ષનારા,
પરાર્થ છે જીવન જાણનારા;
ન કાળનોએ ભય રાખનારા,
કયાં છે હવે ક્ષત્રિય વીર મારા ?

સમૃદ્ધિમાં ગોધન પાળનારા,
ઉદ્યોગમાં ખેતર ખેડનારા;
ગૃહે સુખી જીવન ગાળનારા,
કયાં છે ગૃહસ્થાશ્રમી આર્ય મારા ?

વિશ્વાસથી વ્હાણ ચલાવનારા,
શેઠાણીને મા સમ માનનારા;

શ્રી દેહ ને ચિત્ત સમર્પનારા,
વિશ્વાસુ વાણોતર ક્યાંછ મારા ?

શિબી હરિશ્ચંદ્ર યુધિષ્ઠિરાદિ,
શિરોમણી ભારતના સુરાંશી;
વીરાગ્રણી અર્જુન ને યયાતિ,
દિલીપ ને રામ સમા પ્રતાપી;

ગોનાદ નાગાર્જુન ચંદ્રગુપ્ત,
અશોક ને વિક્રમ માતૃગુપ્ત;
દેવાદિને આશ્રય આપનારા,
ક્યાં છે હવે એ નૃપ સર્વ મારા ?

અરૂંધતી ને જનકાત્મજા શી,
ભર્ત્તાનુરક્તા કુળ દેવતા શી;
રે રે ગઇ ક્યાં મમ પુત્રી જેવી,
સતી સ્ત્રીઓ પૂર્વની શીલમૂર્તિ.

અનુષ્ટુપ.

અરેરે કાળ મારો એ, બદલાઇ ગએલ છે;
સુખ સ્વપ્ન બની આજે, કેવું ઉલટું રૂપ છે.

શાર્દૂલવિક્રીડિત.

આરા નર્તક આપણે, વળી અહો વાલ્મીકિકેરા મતે,
વક્તા શ્રી રઘુરાયના ચરિતના પોતે હનૂમાન છે;
સાથે સૌ સુજનોતણે વળી સભા છે જ્યાં ભરાઈ રહી
ત્યાં 'રામાયણ' ગાઉં ધીર ! અધુના સૂણો પ્રમોદે કરી. ૧
રાજા સૂર્યતણે કુળે દશરથ શ્રેષ્ઠ પ્રતાપી રથી,
રાણીઓ ત્રણ રમ્ય રૂપ રૂપની અંબાર તેને હતી;
તેઓએ સુત વીર ચાર જણિયા ક્ષાત્રાનુરૂપી રૂડા,
જેમાં રામ વડા, બીજા ભરતને સૌમિત્રિ ચોથા હતા. ૨
શત્રુને હણનાર એક વીર તે શત્રુઘ્ન ચોથા થયા,
જે રે'તા બહુ સાથમાં ભરતના સ્નેહાનુવૃતે સદા;
સૌમિત્રી શુભ ધર્મ કર્મ કરતા શ્રીરામને સેવતા,
એવા દાશરથી સુભાગી હરિના અંશાવતારો હતા. ૩
રામે રાક્ષસ સૈન્યના અધિપતિ મારીચને મારિયો,
ત્યારે લક્ષ્મણના શરે યમપુરી મ્હોચ્યા બીજા રાક્ષસો;
વિપ્રોએ ઋષિ સાથ યાગતણી સૌ થાતાં સમાપ્ત ક્રિયા,
તોષાનંદ થકીઃ શુભાશીષ દીધી તે બે જણાને તદા.

મનહર છંદ.

લલાટે લુછાતા વાળ વાંકડીઆ તેલ ભર્યા,
હોળી ચોળી લમણે બે પાડી પાંથી શોભતી;

૧ આ ચાર છંદો હનૂમાન નાટકના છે.

અત્તરનાં પુંમડાં બે કાન મહી ધરી વળી,
લાલ કરે બિંદગી લલાટ માંહી ઓપતી;
અંજન કરીને પરરંજનને માટ કરે;
સુરમાની આડ ભલી ભમરોને જોડતી;
મરોડી મરોડી ખરપુંછ જેવી મુંછ રાખે;
ઊંચી મુખ મંડનની શોભાને વધારતી.
ફેશને ફસેલા ફૂટ કરમા ફજેત થવા,
કેફ કરી કેપ ધરે શીર શણગારવા;
સોનેરી સાંકળવાળાં બુટને બડાઇ માની,
રેશમી રૂમાલ કર રાખે મુખ લુછવા;
ખમીશ જેકીટ પેરી પોતીઉ પાટલીબંધ;
પટકાવી ચેકતણા બુટ ચીસો નાંખતા;
પાતળી શીસોટીવાળી સોટીં કર ધરી જાય,
ફરવાને કાજ લાલ લોક સમી સાંજના.

૫૬.

આવવાનો નથી આરોરે, અગનાની તારો. એ ટેક.
રમતે શૈશવ હાર્યો, રળતે જોબન હાર્યો,
જરાએ જીવન હાર્યોરે–અગનાની. ૧
નીમના ધરમ ધાર્યો, કામથી ન રહ્યો વાર્યો;
પોતે તેં પોતાને માર્યોરે, અગનાની. ૨
પુત્રે મારો દામે મારો ભોગે મારો વરતારો;
કરતાં ન આવ્યો આરોરે. અગનાની. ૩

જેમ જેમ ધન આવ્યું, તેમ તેમ તન તાવ્યું;
સુખનું સુપન નાવ્યુંરે, અગનાની. ૪
નીચને હજુર હાજી ખેલતાં પ્રપંચબાજી,
ભૂર શું ભણે છે ગાજીરે, અગનાની તારો. ૫

ઉપજાતિ.

ગાધીતણા પુત્રથી મેળવીને, વિદ્યા વિશિષ્ટા વિજયા જયાને;
રાત્રીચરોને હણવા સકામ, ગયા બની કૌશિકબંધુ રામ. ૧

પુષ્પિતાગ્રા.

સુર અસુર ભુજંગ વાનરોમાં, વળી નર કિન્નર સિદ્ધ ચારણોમાં;
ધનુષ પુરુષ જેહ આ ચઢાવે, મમ દુહિતા નર તે ભલે વરેને. ૨

અનુષ્ટુપ.

રામ દુર્વાંકુર શ્યામ, જાનકી હેમ વલ્લરી;
ચાપનું પણ આ મોટું, બાકી છે યોગ્ય દંપતી. ૩
સભામાં સર્વ રાજાની, નિમિનાથ પુરોહિતે;
શતાનંદે કહ્યું કે સૌ, સાંભળો નૃપતિ ! તમે. ૪

માલિનીછંદ.

દશવદનતણી જ્યાં, શક્તિ ચાલી ન એવું,
પણ જનકતણું તે, છે સુણો આપ કેવું;
હર ધનુષ ચઢાવી, જે કરે ભંગ તાણી,
ત્રિભુવન જય લક્ષ્મી, મૈથિલી થાય રાણી. *૫

---

* આ પાંચ છંદો પણ હનુમાન નાટકના છે.

૫૯.

(જનની જીવોરે ગોપીચંદની. એ રાગ.)

દુઃખ દુઃખ દુઃખ છે સંસારમાં, ખાલી સુખનો આભાસજી;
દુઃખ દુઃખ દુઃખ છે સંસારમાં. ટેક.
અલખત અઢળક જ્યાં ભરી, ટાંકો ટાંક છે ભંડારજી;
ત્યાંરે વિધિના વૈચિત્ર્યથી, નથી કોઇ ખાનારજી. દુઃખ. ૧
ઉગ્યો ન આથમ્યો કંઇ ગણે, કરે વગડે આખેટજી;
તેનીરે ઝુંપડીમાં જગા નહિ, ઝાઝાં પેટનાં પેટજી. દુઃખ. ૨
કોઈ રૂવે ધન માલને, રૂવે કોઇ છોરૂં કાજજી;
કુરૂપાને કારણુ કોઇ રડે, કોઇ રંભાએ વાજજી. દુઃખ. ૩
દુઃખથી કંટાળી બાવા થતાં, કરતાં સર્વસ્વ ત્યાગજી;
પેટ છોડયું નહિ છૂટશે, રહેશે એની એ આગજી. દુઃખ. ૪
દુઃખથી ભરેલ ભવાબ્ધિમાં, એક સુખનો છે દ્વીપજી;
સંત તે શોધી શરણે જજે, લઇ જ્ઞાન પ્રદીપજી. દુઃખ. ૫

સ્ત્રગ્ધરા.

કંઠે સર્પોની માળા, ગજ અજિન લિધું ઓઢણે, ભસ્મધારી,
વામાંકે પાર્વતી ને શિર સુરસરિતા રાખિયાં ગુપ્ત ધારી;
જેનું બ્રહ્માદિ દેવો સ્તવન વિધવિધે નિત્ય રે'છે કરંતા,
એવા દેવાધિદેવા દૂરિત દુર કરો શંભુ ઐશ્વર્યવંતા.

વસંતતિલકા.

પાણી તરંગ સમ સંપત છે વિલોલ,
તારુણ્ય ચાર દિન ચાંદરણાની તોલ;

આયુષ્ય છે શરદ અભ્ર સમુ વિલોલ,
તો શું સ્ત્રીએ થયું સુતે શું ધને અતોલ?

વંશસ્થ.

પ્રસૂતિ કેડે તાપ તાપતી હું તો, ફરીય ઈચ્છીશજ એમ કે પ્રભો;
તમેજ ભર્ત્તા મળજો અને વળી, વિજોગ આવા પડશો નહીં કદી.

વસંતતિલકા.

વ્યાપાર છોડી જુગટે જરને ખુવે છે,
છોડી સુધા પય મુદે મદિરા પિએ છે;
સેવા તજી સુજનની નીચને ભજે છે,
આચાર છોડી અવળે પથ સંચરે છે.
શત્રુવિષે મળી સગાં સહ દ્વેષ રાખે,
પોતાનું ધાર્યું કરતાં કશું ના વિચારે;
શાણો હું પંડિત હું શેઠ હું ખાનદાન,
એવા વિચાર મહિ થાયજ પાયમાલ.
ભાવી વિનાશ સમયે ઉલટું સુઝાડે,
સન્મિત્રની સુખદ સોબતને તજાવે,
થાયે કશું ન સુલટું ઉલટું બગાડે,
એવા કલંધર મુઆ કુળને લજાવે.

શાર્દૂલવિક્રીડિત.

આશાએ ધરણી ખણી ધનતણી ગાળી ગિરી ધાતુઓ,
સંતોષ્યા બહુ યત્નથી નૃપતિઓ ને સાગરે શોધિઓ;
મંત્રારાધન કાજ સજ્જ થઇને, રાતો સ્મશાને રહ્યા,
ફૂટી કોડી મળી ન તોપણ મને, તૃષ્ણા હવે છોડ મા. ૧

અનુષ્ટુપ.

અપાર આપદાથી આ, ભરેલા ભવ સાગરે;
નારીના મોહમાં ઘેલો, સર્વદા શીદ તું ફરે. ૧
કાચા કુંભ સમી કાયા, તેનો શો મોહ આવડો;
તારો દેહ નથી તારો, તો સ્ત્રી શ્રી કોણુ દીકરો? ૨
પાપની ખાણુ નારીમાં, ભુર શું ભમતો ફરે,
ભવાબ્ધિમાંથી છૂટયાનો, એકે આરો ન શે સૂઝે? ૩
બોલવું સ્હેલ છે સર્વે, કરવું છે સુદુસ્તર,
વાયદે હરિ ભક્તિને, કાઢતો જાય છે દૂર. ૪
કામને કામની વાતો, કર્તાં કાળ ગયો વહી;
ચોકે નાંખ્યો તદા આવ્યું, ભાન ને સાંભર્યા હરી. ૫
ષડમિત્રતણા સંગે, રોજે રંગ વિષે રહે;
કરાવ્યાં તેમનાં કાર્યો, રીને પાપ સંગ્રહે. ૬
પરલોકતણા હર્ત્તા, એ તારા થૈને તને;
વાહી આ વર્તુલે નાંખે, જેમ રાવત અશ્વને. ૭
છે છે ને છેજ જે જેને, કલ્પાંતેય નથી કહે;
નથી નક્કી નથી તેને, નિત્ય છે નિત્ય છે ભણે. ૮
અવિદ્યા આવડી ક્યાંથી, વિદ્યાવાન તને થઈ;
દશ્યોહાહરણે મંદા, બુદ્ધિ તારી પડી ગઇ. ૯
રહેલું પગલાં નીચે, મૃત્યુ ના દૃષ્ટિએ ચઢે;
મદાંધ થૈ મદારી શો, કુકર્મ કીચકે ચઢે. ૧૦

પંચેંદ્રિયતણી પ્રેરી, બુદ્ધિ કાર્ય કરે અને;
લોકને સમજાવે કે, એમાં શું પાપ છે મને. ૧૧
અહંતા વિત્ત દારામાં, રાખનારા વળી વદે;
આપણે કોણ છૈએ જે, તરણાનેય તોડીએ. ૧૨
એની ઇચ્છા વિના કો શું ? થાય છે જગમાં ભઈ;
એજ છે મતી દેનારો, ત્યાં પ્રજ્ઞા આપણી કશી. ૧૩
પ્રેરેલી સદસદ્બુદ્ધિએ, એની આપણ ચાલીએ;
ત્યાં પાપાપાપ છે કોને, જ્યાં એનો એજ છે બધે. ૧૪
શિષ્યને આમ ભોળાવી, ઉઠતાં વાંત પાથરે;
કામને દામની જાળો, એવા ગુરુઓ કહીં છૂટે. ૧૫

ઈન્દુવંશા.

વાક્ શાસ્ત્ર છે કારણ વાદ્ય જેમનું,
મુખે કરી વંદન તે મહેશનું;
નંદી ત્રિશૂલાંકિત નિષ્ક જેમના,
પ્રતાપને વર્ણવું તે નૃપોતણા.
પ્રસાદથી પંડિતને પ્રસાદતી,
પ્રસન્ન મારૂં હૃદય પ્રકાશતી;
પ્રસિદ્ધ છે આ કૃતિ તો પછી શું છે,
વિશેષ વંશાત્મક જન્મ વર્ણને.

અનુષ્ટુપ છંદ.

વાચાના મૂળ રૂપે ને, યોગી યોગતણા ગુરુ;
એવા નિત્ય પ્રભુ પાદે, પ્રણામો પ્રથમે કરૂં.

વસંતતિલકા.

આપો સદાશિવ સદા જય સર્વ કામે,
કામે કદા કલુષ થાય અનેક વારે;
વારે વળો તદપિ વિશ્વતણા વિધાતા,
ધાતા તમેજ ધરણીચરના સદાના.
લે લેશ ના નિવૃતિ ચાકપરે ચઢે છે,
માયાતણા વમળ માંહિ વૃથા ભમે છે;
નાના પ્રકારતણી વૃત્તિવિષે ફરે છે,
ઊંધાં છતાં કપટ કૈં કરતું ફરે છે,
ચાલે ન ચોટ ચલવે પણ ચાહનાઓ,
થાયે ન ધાર્યું ધરતું પણ ધારણાઓ;
અલ્પાયુષી કરતું કલ્પની કલ્પનાઓ,
છે એવું ચિત્ત વિભુ ચંચળ તે સુધારો.
પ્રાણીતણાં સકળ પાતકને નિવારો,
આપી સુબુદ્ધિ ભવ સાગર પાર તારો;
છે એક આશ્રય ખરેખર નાથ તારો,
સર્વેશ આ ભવતણા ભયથી ઉગારો.

શાર્દૂલવિક્રીડિત.

શાલે સારસ કુજિતે, કુહુરિતે આમ્રે અશોકે પિકે,
નાના પુષ્પિત પાદપે, મધુકરે ગુંજારિતે વિરૂધે;
રમ્યાલોક દઈ વિશાળ વનમાં, આનંદતો આંખને,
આ તે આશ્રમ શું મનોહર કદી ભૂલ્યો જશે ભૂલચ્યે?+

+ 'સીતાહરણ' નાટકનો આ છંદ છે.

રાધાનો પત્ર.

આવ્યા દ્હાડલા દીવાળી કેરા,
પંથી ઘેર પધારે ઘણેરા;
નાથ ! થાવ શું આમ નમેરા,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૧

મારી સખીઓ સાસરીએ સિધાવ્યાં,
મારી ભાભીઓ પણ આણે આવી;
વાટ જોઇજોઇ હું વાજ આવી,
મોહન વ્હેલા આવજો મથુરાંથી.

પૂછી જોજો ઉદ્ધવને તમારા,
હાલ શા થયા છે અહીં મારા;
જાવ જાવ શું જીવણુ પડો ન્યારા,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૩

મારાં સાસુએ જે જે કહાવ્યું,
મારી માડીએ તે તે કરાવ્યું;
જાણે રખેને રસિક પાડે વાંકું,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૪

આછાં હીરનાં ચીર મગાવી,
કાચા કીરમજી રંગે રંગાવી;
કોરે મોતી ને મણિએ ટંકાવી,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૫

સાળુ સાડી ને કમખા કરાવ્યા,
જાતે જુદા ને રંગે રૂપાળા,
એ તો રસિયાજી તમને રીઝાવા,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૬

મોહી મોરલીની થઇ હરિણી,
છાની વનમાં મોહન વર પરણી;
આતે કિયા કરમ કેરી કરણી,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૭

પ્રીતમ પરણી પરાંણે તમોને,
જોયો વિચાર્યો નહિ તે સમોને;
શીદ પાતળિઆ પજવો અમોને,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૮

મારી માતાએ બહુ બહુ વારી,
લોક કે'તા એ કપટી મોરારી;
તોય પરણી તેની શું આ વારી,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૯

લોક લૈ પુંઠે વાત કરે છે,
સગાં સાગવાં મોંડે કહે છે;
સુખી સખીઓ તો મ્હેણાં મારે છે,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૧૦

ઉંચી ઉંચી રાવઠીઓ મુકાવી,
નાના વિધના રંગે રંગાવી;
ખાસ સાસુએ મેડી બંધાવી,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૧૧

જ્યારે વહુ હું મળી છું ગોરે ઘાટે,
ત્યારે દીકરાનાં સુખ જોવા સાટે,
તલસે ઘરડેરાં મુખજોયા માટે,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૧૨

ગુણ રૂપનાં વખાણ કરાવી,
મને મોહના ફંદે ફસાવી;
કેમ પરણીને પ્રીત પલટાવી,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૧૩

હોળી ચોળી અંબોડલા વાળી,
પત્રરચનાઓ રચતા રૂપાળી,
લેતી સખીઓ હશી હશી તાળી,
મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૧૪

પગ ખોળામાં લઇ ખુટ્ટાવાળી,
        અળતે વેલો ચીતરતા રૂપાળી;
જોતા અમને જાદવ ન્યાળી ન્યાળી,
        મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૧૫

આંખ રજ ફૂંકી નાંખવા માટે,
        કિંવા બીંદગી કરવા લલાટે;
ભૂધર ભેટતા યમુનાને ઘાટે,
        મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૧૬

નચવ્યા નાચતા રમતો ભલેરી,
        પળશી કરતા પાતળીઆ ઘણેરી;
ફાટચું ઘુમડું વઇદ થયો વેરી,
        મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૧૭

એકવાર વૃંદાવન આવી,
        મને વિષ પાઇ શયન સુવારી;
ભલે જાજો પછી ગિરધારી,
        મોહન વ્હેલા આવજો મથુરાંથી. ૧૮

પ્રિયાનો શોક.

હરિણી.

પ્રિયતર બધી વા'લી વસ્તુ અપાર વિલાસની,
કમળનયને! શાને માટે અકારણ તેં તજી;
સરળ હૃદયે શાથી તારા વસી અદયાળુતા,
કમળ દળમાં શોભે કે' શું કદીય કઠોરતા?

[1]શ્રવણ પુટમાં મારા આજે નવાં સમ લાગતાં,
વચન તુજથી નાનાસંગે વરોરુ! વદાયલાં;
વળિ વલયનાં, [3]કાંચીનાં, ને પદાભરણોતણાં,
રણિત રમણી! ભૂલાવે છે મને [4]અવરોધમાં.

અવિરલ લીલા લાંબાં પિચ્છે મનોહર લાગતાં,
ગહન વનમાં [5]તાપિચ્છોના પ્રતિધ્વનિ પાડતાં;
[6]વિલસિતસખી સાથેનાં તે સુગાત્રિ! [7]પરર્તુમાં,
કયમ ન કરી તેં જોત્રા ઈચ્છા વનીત મયૂરનાં?

[8]નયન પથમાં તો શું આવે હવે કદિયે પ્રિયા-
મુખ સુઘટના, ગાત્રોકેરી વળી સુકુમારતા;
લિખિત વિધિએ હોશે મારા લલાટવિષે હવે,
મનન વિષયે તાદૃક્ સર્વે કરી રડવું અરે!

---

૧ કાનમાં. ૨ જુદા જુદા પ્રસંગે. ૩ મેખળા. ૪ અંતઃપુર. ૫ તમાલ. ૬ વિલાસ. ૭ આવતી ઋતુમાં. ૮ દષ્ટિએ.

સુતનુ ! ભવન દ્વારે દ્વારે [1]સહસ્ર દલામ્બુજો,
શુભ સમયમાં આલેખી તેં ન લા'વ પુરો કર્યો;
[2]કયમ, ભવનની લક્ષ્મી જેવી, સલજ્જ ગુરુજને,
કદી ન નિરખી બેઠેલી તે પરે સુભગે ! તને.

વૈતાલીય.

પરલોક વસી પરન્તુ તું, ગુણ તારે સઘળે ગવાય છે;
[3]ઋતુરાજતણા અભાવમાં, અતિમુક્તા [4]સુરભે સ્મરાય છે.

મમતા મમતાળુ શું સજી, સુભગે ! આ શુભ ગેહને તજી;
સમતા સમ તાહરી હજી, મનથી કેમ નથી જતી તજી

મણિ મન્દિર વાટિકાદિ ને, વળી [5]ચામીકરશા સુદેહને;
તજી કેમ વસી વિલાસિનિ ! [6]પ્રણયીનાં હૃદયો વષે જઇ ?

શુભ વર્તન ને પ્રથાવડે, અજવાળી ઉભયે કુળો પ્રિયે !
ગુણથી [7]ઇહલોક, આત્મથી, પરલોકે, [8]દ્વય લોકમાં રહી.

દુઃખ કાળ સમું તને થતું, રજની એકતણા વિયોગથી;
તદપિ કયમ માન્ય તેં કર્યો, રમણી ! વિરહ યુગાન્તનો હવે,

શિશુ મધ્યવયસ્ક વૃદ્ધ વા, ગુણી છે પૂજ્ય સદાય સર્વને;
પરમેશ્વરનેય પ્રીય તે, સમજ્યો આજ હું તે ખરેખરે.

---

૧ હજાર પાંખડીનું કમળ. ૨ કેમ, કારણ કે. ૩ વસંત. ૪ સુગન્ધવડે ૫ સુવર્ણ. ૬ પ્રેમીનાં હ્રદયમાં જઇ કેમ વસી. ૭ ગુણથી આ લોકમાં તારૂં નામ છે, અને જીવથી તું સ્વર્ગમાં વસી, એમ થતાં ઉભય લોકમાં અમર છે. ૮ બે.

[1]યતિગમ્ય યથેચ્છ જ્ઞાન જે, સખિ! "સંસાર અસાર છે"યથા,
કયમ બાળવયે વરોરુ! તે, સહસા પ્રાપ્ત થયું તને તદા.

ઘણીવાર ઘણીક વાતમાં, સમજાવે સમજી નહી હશે;
સમજી કયમ જ્ઞાન વીણ તું, "સઉ સંસાર અસાર" એમ તે?

કરભોરુ! કદા ન લાવતી, મનમાં રીસ તથાપિ આ સમે,
કરી કોપ કઠિણ કારમો, કયમ મૂકયો મુજને સુને ભવે?

કયમ તું મનમાં ધરે નહી? વિલપું છું દયિતે! તદા ઘણું;
સુખ તે કયમ હા! ભુલાય જે, તુજ સંગે અતિશે અનુભવ્યું?

અયિ રાજીવલોચને! જરા, ભવના દુઃખ વિસારતી હતી;
સહસા મૃદુ વાણી તારી જે, સુભગે! તે હું સુણીશ શું નહી?

કયમ શૈશવના વિલાસને-ભુલી હે ભામિનિ! ભાગ્યહીણ આ,
બુડતો ભવસાગરે મુકી, પતિને તું પરલોકમાં વશી.

ગુણ શે તવ ગોરિ! વીસરે? વળિ શે હા વિસરે પ્રીતિ ભર્યાં
અતિ ઉત્તમ સારગ્રાહિ જે, કથનો તેં હરનીશ છે કથ્યાં?

ઘણી વાર વિચાર થાય છે, ભવસંબંધિ વયસ્ય વર્ગમાં;
સતત પ્રમદે! સ્મરાય છે, ગુણ તારા અનુકૂળ ધર્મમાં.

---

૧ યોગીને પ્રાપ્ત થાય તેવું જે—"સંસાર અસાર છે. એવું જ્ઞાન. તે તને બાળવયે કેમ પ્રાપ્ત થયું? ૨ આખો-અધો.

પરણી પ્રથમ પ્રસંગથી, અતિ ઘાડો નય તેં વધારિયો;
કયમ તે વધતા પ્રવાહને અધમાર્ગે સહસાજ રોકિયો.

પતિને પ્રભુ તુલ્ય માનતી, સત પંથે હરનીશ ચાલતી;
સુખ દુઃખ સમાન જાણતી, ગુણ એવા વિસરાય ના સતી !

વડસાસુની શીખ.

મોંસાળાનો રાગ.

ભલે જાઓ શુકન જોઇ સંચરો,
કુળવૃદ્ધિનાં કરવાને કાજ,
વ્હાલાવર વ્હેલાં આવજો. ૧

મારા આંખોના તેજનો તારલો,
તારા પ્રાણનો પરમ આધાર;
વ્હાલાવર સોંપું તુજને. ૨

હવે તું તારે એને સંભાળજે,
કરજે જીવથી જ્યાદે જતન,
વ્હાલાવર ખંત રાખીને. ૩

સુખે શેઠાણી દુઃખે દાસી થઇ,
રહેજે ઘરની બની પરધાન,
વ્હોવર શીખ એટલી. ૪

જઇ પરદેશ આપણા દેશનો,
વેશ બદલશો નવ લવલેશ,
વ્હોવર શીખ સરસ છે. ૫

કશે આપ્યાં તો સુખ સુખે માણજો,
બેટા ! રહીને મલાજાની માંય,
એમાં મોટું માન છે. ૬

જેનું ઘરમાંય ઢાંકયું કપાળ રહે,
ઢાંકયાં ઢાંકયાં તેણે કુળ બેઉ,
ભૂષણ સ્ત્રીનું લાજ છે. ૭

તું તો દીકરા ! ભણેલી ને ડાહી છે,
નથી કહેવું પડે એવું કાંઇ,
જાઓ સુખે સંચરો! ૮

શિખરિણી.

કહીં તંબોળે ને, કહીં અગુરુ પંકાંકિત થયો,
કહીં ચૂર્ણાળો ને, કહીંક અળતેથી બગડિયો;

કહીં ચુંથાએલો, કહીં કહીં ભર્યો વેણિં ફુલડે,
બીની નાનાવસ્થે, થઇ સુરત ઓછાડ સુચવે.

શાર્દૂલવિક્રીડિત.

બાંધ્યાં તોરણ બારણે નયનનાં લાંબાં ન ઈંદીવરે,
પુષ્પોના ઢગલા કર્યા સ્મિતથકી, ના કુંદ જાત્યાદિકે;
આપ્યો અર્ઘ ભિના થતા સ્તન ભરે, કુંભે ન પાણી ભર્યે,
કીધું મંગળ આવતા પિઉતણું સ્વાંગોથી તન્વંગીએ.

ગીતિ.

સંપત્તિએ નથી રીઝતા, વિપત્તિએ જે નથી દુઃખી થાતા,
એવા ને રણધીરા, વિશ્વ તિલક સુત જણેછે કો માતા.
રે રે દક્ષિણકર રે, શૂદ્રમુનિની પરે તું આવાર,
બ્રાહ્મણના મૃતશિશુને, જીવાડવાને ચલાવ તરવાર;
દેશવટો દેવાને, પૂરે દા'ડે શિથિલ સીતાને,
ડાહ્યા રામતણું તું, ગાત્ર શી હોયે તને કરુણા તે !

ઉપજાતિ.

ક્ષણે ક્ષણે તાત્વિક બોધ આપે, ક્ષણે ક્ષણે વલ્લભતા વધારે;
ક્ષણે ક્ષણે નૂતનતા શિખાવે, સરસ્વતી મા'જન મૈત્રિ બન્ને.

દ્રુતવિલંબિત.

કમઠ પૃષ્ઠ કઠોર ધનુષ ને, મધુર મૂર્ત્તિ સુકોમળ રામ છે;
ગુણ ચઢાવવી શું ગજું એમનું, જનક હા પણ દારુણ આપનું.

વંશસ્થ.

સમિત્કુશો છે સુલભ ક્રિયાર્થ ને, નવાણ છે ન્હાવણ કાજ પૂર્ણ કે!
તપાય છે ને તપ ઠીક ? કેમકે, શરીર છે પે'લું જ ધર્મ સાધવે.

શાર્દૂલવિક્રીડિત.

તાતે કૌશિકને ન વિઘ્ન નડવા યજ્ઞોત્સવે મોકલ્યા,
ત્યાં જાતાં મુનિ સાથ તે વન મહીં દુષ્ટાહણી તાડકા;
દિવ્યાસ્ત્રો કરી પ્રાપ્ત, યાગ નિરખી ત્યાંથી પછી હોંશથી,
જોવાને મિથિલા સલક્ષ્મણ ભલે, જાયે તહીં શ્રી હરિ.

———×———

બાળકોને વૈદિક આજ્ઞા.

રામગ્રી.

માતૃદેવાં બનો બાળકો, છે આ આર્ષ આદેશ,
પિતૃદેવાં બનો બાળકો !

પાળતાં આજ્ઞા માબાપની, ધરતાં ભક્તિ અશેષ;
આવશે ઘરમાં આનંદ ને, સુખ મળશે વિશેષ,
માતૃદેવાં બનો બાળકો !

રામ ને પરશૂરામ શી, રાખો ભકિતની ખાંત;
ભરત ને સક્તાની ભક્તિનાં, સદા લઇને દૃષ્ટાંત,
માતૃદેવાં બનો બાળકો !

આજીવિકા ઉપજાવવી, છે જે પુરુષોનો ધર્મ;
પાળતો તે પિતા પેખીને, તમો શીખો તમ ધર્મ,
પિતૃદેવાં બનો બાળકો!

ઘરમાં રહી તમ માવડી, અવેરે જુઓ કેમ;
કેમ ઉછેરે કેવે શ્રમે, તમોને તે સપ્રેમ,
માતૃદેવાં બનો બાળકો

પાળતાં ધર્મ પોતાતણા, રહી અન્યોન્યાધીન;
ચલવે સંસાર કેવી રીતે, સમજો તે સમીચીન,
પિતૃદેવાં બનો બાળકો !

શ્રવણની પેરે તમે સદા, કરો માબાપ સેવ;
માતપિતાની સેવા થકી, તમને ત્રૂઠશે દેવ,
માતૃદેવાં બનો બાળકો, આ આર્ષ આદેશ,
પિતૃદેવાં બનો બાળકો.

યોગીને આમંત્રણ.

સંગીત.

ભો ! અત્ર પધારો યોગી, તપલબ્ધ ત્રિવિષ્ટપ ભોગી–
ભો ! અત્ર પધારો યોગી.
જુઓ વૈહાનસ આ યાનો, સુણો કિન્નરીઓનાં ગાનો;
છે ભોગ અહીં મન માન્યો, ભો ! અત્ર પધારો યોગી,
તપલબ્ધ ત્રિવિષ્ટપ ભોગી, ભો ! અત્ર પધારો યોગી.

જુઓ સુંદરતાની મૂરતી, સુરકન્યા જોબન જુલતી,
નથી 'બ્રહ્મ' અહીં ઉપયોગી, ભો! અત્ર પધારો યોગી;
તપલબ્ધ ત્રિવિષ્ટપ ભોગી, ભો! અત્ર પધારો યોગી.

---x---

શહેનશાહને ગુર્જરીનો આશીર્વાદ.

ધોળ.

આજે ગુર્જરી વંદી ગણેશને,
ઇચ્છે આટલો વર ઈશ પાસ–જીવો જ્યોર્જ પાંચમો. ૧

જેની પિતામહીના પ્રભાવથી,
ટળ્યા જાલમ જુલમીના ત્રાસ–જીવો જ્યોર્જ પાંચમો. ૨

જેના સુલેહ રક્ષક તાતથી,
લાધ્યું હિંદ ખરાબે ન લેશ–જીવો જ્યોર્જ પાંચમો. ૩

જેના સમવૃત્તિ શાણા સચીવના,
બોલ જગ બધું કહે બેશ બેશ–જીવો જ્યોર્જ પાંચમો. ૪

આવે જાયો જાજરીયો આવે વળે,
જ્યોર્જ જ્યોતિનો પુંજ નરેશ–જીવો જ્યોર્જ પાંચમો. ૫

પ્રભુ વૈભવ સૌ એને આપજો,
તંદુરસ્તી, વસ્તી ને આયુષ્ય–જીવો જ્યોર્જ પાંચમો. ૬

પ્રભુ મહેર કરી રાણી મેરીને,
બાળગોપાળ સહુ રાખો ખુશ–જીવો જ્યોર્જ પાંચમો. ૭

આજે ઓગણીસેં અગિઆરના,
જુન બાવીસમી ગુરૂવાર–જીવો જ્યોર્જ પાંચમો. ૮

અભિષેક થયો ઇંગ્લાંડમાં,
તેનો બોલીએ જયજયકાર–જીવો જ્યોર્જ પાંચમો. ૯

રાણીને પ્રજાની આશીષ.

રુચિરા–સવૈયો.

પ્રેરી વિભૂતિ, ઇતિ પ્રતિ ક્ષતિ અતિ, રૈયત રતિ કરુણા મતિને;
આપી વળી વડ સાસુ જેવાં, સુખ વૈભવ સંતતિ તતિને;
નમી નમી નાથ ! તને નરપુંગવ, યાચે આટલું હિંદ પ્રજા;
નિત નિત મહારાણી મેરીને, વિશ્વંભર દે મોજમજા.

—×—